dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS




# સંજોગ ન્યૂઝ


SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 09 | Issue- 17 | AD - 2025, Aso Vad-11/12 | Friday, Dt.17-10-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### આજે હાઈકમાન્ડમાંથી નેતાઓની હાજરીમાં નવા મંત્રીઓનો શપથ સમારોહ

# ભૂપેન્દ્ર સરકારના તમામ મંત્રીઓના રાજીનામા : આજે નવું મંત્રી મંડળ બનશે

ગાંધીનગર,તા.૧૬

ભૂપેન્દ્ર પટેલ સરકારના તમામ મંત્રીઓનાં રાજીનામા લેવાઈ ગયાં છે. CM સાંજે નવા મંત્રીમંડળનું લિસ્ટ રાજ્યપાલને સોંપશે અને આજે સવારે ૧૧:૩૦ વાગ્યે મહાત્મા મંદિરમાં શપથ સમારોહ યોજાશે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત તમામ મંત્રીઓને શપથ લેવડાવશે. ઉલ્લેખનીય છે કે રાજીનામું આપનાર ૪ કે ૫ મંત્રીઓ રિપીટ થઈ શકે છે. તેમાંથી કેટલાકને પ્રમોશન તો કેટલાકના ખાતા બદલાઈ શકે છે. સામાન્ય રીતે દર બુધવારે મળતી કેબિનેટની બેઠક પણ ૧૫ ઓક્ટોબરના રોજ મળી નહોતી. ગુરુવારે કેબિનેટની બેઠક મળશે એવું નક્કી થયું હતું, જોકે અચાનક ગુરુવારે મળનારી કેબિનેટ બેઠક પણ મોકૂફ રાખવામાં આવી હતી અને હવે વિસ્તરણ પછી જ કેબિનેટ બેઠક મળે એવી સંભાવના છે. બે દિવસ ભાજપના તમામ ધારાસભ્યો અને મંત્રીઓને ગાંધીનગરમાં હાજર રહેવા માટે સૂચના આપવામાં આવી છે. રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી સુનીલ બંસલ ગુજરાત આવી ગયા છે. તેમણે સર્કિટ હાઉસ ખાતે સંગઠન મહામંત્રી રત્નાકર અને ગાંધીનગર શહેર



ભાજપ-પ્રમુખ આશિષ દવે સાથે મુલાકાત કરી હતી. CM ભૂપેન્દ્ર પટેલ પણ મુંબઈથી પરત આવી ગયા છે, સાથે જ ધારાસભ્ય નિવાસસ્થાને મોટા ભાગના ધારાસભ્યો આવી ગયા છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને સાંસદ જે.પી. નડ્ડા ગુરુવારે સાંજે ૬ વાગ્યે અમદાવાદ એરપોર્ટ આવી પહોંચ્યા હતા. ત્યાંથી સીધા તેઓ ગાંધીનગર મુખ્યમંત્રી નિવાસસ્થાને રવાના થયા. રાત્રે ૮ વાગ્યે મુખ્યમંત્રી નિવાસસ્થાને રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા, રાષ્ટ્રીય મહામંત્રી સુનિલ બંસલ, મુખ્યમંત્રી સહિતના નેતાઓની બેઠકનું આયોજન છે. રાત્રે યોજનારી મહત્વની બેઠકમાં કયા ધારાસભ્યને મંત્રી પદ મળે છે તેને લઈને ચર્ચા કરવામાં આવશે. મોડી રાત્રે બેઠક બાદ ધારાસભ્યોને ફોન કરીને મંત્રી તરીકેના શપથ લેવા અંગેની જાણ કરવામાં આવશે.

## સૌરાષ્ટ્રને વધુ તક મળશે તેવી ધારણા

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ અમદાવાદના છે જ્યારે સૌરાષ્ટ્રની જાણે બાદબાકી થઈ ગઈ હોય એવું લાગી રહ્યું છે. ઉપરાંત AAPના ગોપાલ ઈટાલિયા સૌરાષ્ટ્રમાં આગળ વધી રહ્યા છે. આ સંજોગોમાં સૌરાષ્ટ્રને વધુ તક મળશે એ પણ નિશ્ચિત છે. એમાં જયેશ રાદડિયા અને જિતુ વાઘાણીને કેબિનેટમાં સ્થાન મળવાનું નિશ્ચિત મનાઈ રહ્યું છે.

## હાઈકમાન્ડમાંથી આટલા બધા નેતાઓ પહેલીવાર હાજર

ગુજરાત સરકારના નવા મંત્રીમંડળના શપથવિધિ સમારોહમાં હાજરી આપવા ગુરુવારે સાંજે જ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી સુનીલ બંસલ અને ગુજરાતના પ્રભારી ભૂપેન્દ્ર યાદવ ગાંધીનગર આવી પહોંચ્યા હતા. જ્યારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા પણ આવી પહોંચ્યા છે. સામાન્ય રીતે માત્ર મંત્રીમંડળનું વિસ્તરણ થતું હોય ત્યારે ભાજપના હાઇકમાન્ડમાંથી આટલા બધા નેતાઓ હાજર રહેતા નથી, તેથી સરકારમાં મોટેપાયે બદલાવ થવાનો સંકેત આવી રહ્યો છે.




## જ.દ.યુ.એ ૪૪ ઉમેદવારોની બીજી યાદી બહાર પાડી

પટના,તા.૧૬

ગુરુવારે બિહાર વિધાનસભા ચૂંટણી માટે JDUએ પોતાની બીજી યાદી જાહેર કરી હતી. આ યાદીમાં ૪૪ નામ જાહેર કરાયા છે. તેજસ્વીની પત્ની રાજશ્રીની સરખામણી જર્સી ગાય સાથે કરનાર રાજવલ્લભની પત્ની વિભા દેવીને ટિકિટ આપવામાં આવી છે. શિવહરથી ૨૦૨૦ની ધારાસભ્ય બેઠક જીતનારા બાહુબલી આનંદ મોહનના પુત્ર ચેતન આનંદને ઔરંગાબાદના નવીનગરથી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. આ યાદીમાં નવ મહિલાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, અને ચાર મુસ્લિમ ઉમેદવારોને પણ ટિકિટ આપવામાં આવી છે. અગાઉ, JDU એ ૫૭ ઉમેદવારોની યાદી જાહેર કરી હતી. આ વખતે, પાર્ટી ૧૦૧ બેઠકો પર ચૂંટણી લડી રહી છે. બધી બેઠકો માટે ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી છે. JDU એ એકંદર બેઠકોની વહેંચણીમાં જાતિ સમીકરણોનો સંપૂર્ણ વિચાર કર્યો છે. ૩૭ પછાત વર્ગો, ૨૨ અત્યંત પછાત વર્ગો, ૨૨ સામાન્ય વર્ગો, ચાર લઘુમતી વર્ગો અને એક અનુસૂચિત જનજાતિને ટિકિટ આપવામાં આવી છે.









સંજોગ ન્યૂઝ
# આપણું અમરેલી
શુક્રવાર, તા. ૧૭-૧૦-૨૦૨૫

**રાજ્ય સરકારના વિવિધ વિભાગના કુલ રૂ.૭૨ કરોડથી વધુ ખર્ચે વિકાસકામોનું ઈ-લોકાર્પણ-ખાતમુહૂર્ત કરાયું**

## અમરેલી જિલ્લામાં વિકાસ સપ્તાહનું સમાપન કરાયું

**ધારાસભ્ય કૌશિક વેકરીયાના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાયો**

અમરેલી,તા.૧૬

અમરેલી ખાતે ગુરૂવારે વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને શાંતાબા જનરલ હોસ્પિટલ ઓડિટોરીયમ હોલ-અમરેલી ખાતે વિકાસ સપ્તાહ ઉજવણીનો સમાપન કાર્યક્રમ યોજાયો હતો. અહીં ૭૨ કરોડના ખર્ચે વિવિધ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયું હતું. અમરેલી ખાતે સામાન્ય વહીવટ વિભાગ, પંચાયત અને ગ્રામીણ હાઉસિંગ અને ગ્રામીણ વિકાસ વિભાગ, રોડ અને બિલ્ડિંગ વિભાગ, નર્મદા, વોટર રિસોર્સ એન્ડ વોટર





સપ્લાય વિભાગ, ઈન્ડસ્ટ્રીઝ અને માઈન્સ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળ કુલ રૂ.૭૨ કરોડથી વધુના ખર્ચે ૨૧૨૯ વિકાસ પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૪૫ કરોડથી વધુના ખર્ચે કુલ ૧૨૧૭ નવા વિકાસકામોની કામગીરીનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. ઉપરાંત કુલ ૨૧ કરોડથી વધુના ખર્ચે ૯૧૨ જેટલા નવા વિકાસકામોનું લોકાર્પણ કરાયું હતું. સમાપન કાર્યક્રમમાં લાઠી ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા પણ ઉપસ્થિત રહ્યા હતા. શાંતાબા જનરલ હોસ્પિટલ ઓડિટોરીયમ હોલ-અમરેલી ખાતે વિકાસ સપ્તાહ ઉજવણી સમાપન કાર્યક્રમમાં અમરેલી નગરપાલિકા પ્રમુખ બિપીનભાઈ લીંબાણી, જિલ્લા પંચાયત સભ્યો, તાલુકા પંચાયત સભ્યો, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, અમરેલી પ્રાંત અધિકારી મહેશ નાકીયા, જિલ્લા આયોજન અધિકારી ગોહિલ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## બાબરાના અમરાપરાના લોકોની મૃત પશુઓના ખાલ અયોગ્ય રીતે ઉઠાવતા હોવા સામે રજૂઆત

બાબરા,તા.૧૬

બાબરા તાલુકાના અમરાપરા ગામના ગ્રામજનો તથા ખેડૂતો દ્વારા મૃત પશુઓ અને ઢોરના ખાલ ઉઠાવવાથી ગંદકીની સમસ્યા અંગે બાબરાના મામલતદારને લેખિત રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતમાં જણાવાયું છે કે છેલ્લા કેટલાક સમયથી



ગામની આસપાસ અને ખેતર નજીક મૃત પશુઓના ખાલ ઉઠાવનારા લોકો અયોગ્ય રીતે ખાલ ઉઠાવતા હોવાથી ભારે દુર્ગંધ ફેલાઈ રહી છે. જેના કારણે ગામલોકોના આરોગ્ય પર ખતરાની સ્થિતિ સર્જાઈ છે. ગ્રામજનોનું કહેવું છે કે, આવું કામ ગામથી દૂર અને નગરપાલિકાએ નક્કી કરેલી જગ્યાએ જ કરવું જોઈએ, જેથી સ્વચ્છતા અને આરોગ્ય બંને જાળવી શકાય. આ સંદર્ભે મામલતદારને તાત્કાલિક પગલાં લઈ યોગ્ય વ્યવસ્થા ગોઠવવાની માંગ ગ્રામજનોએ કરી છે.

## સાવરકુંડલા તાલુકાના થોરડી ગામે આંખના રોગોનો નિદાન કેમ્પ યોજાયો

સાવરકુંડલા,તા.૧૬

સાવરકુંડલા તાલુકાના પીએચસી-આંબરડીના અંધશાળા-થોરડી ખાતે ૧૬/૧૦/૨૦૨૫ના રોજ NPCB અંતર્ગત અગાઉ સ્ક્રીનીંગ કરેલ ૪૦થી વધુ ઉંમરના અંદાજીત ૪૫ જેટલા દર્દીઓની આંખના તજજ્ઞ દ્વારા આંખના વિવિધ રોગો મોતિયો/વેલ/નંબરની તપાસ કરવામાં



આવેલ. આ ઉપરાંત NCD સ્ક્રીનીંગ જેમાં બીપી/ડાયાબીટીસ તપાસ કરવામાં આવેલ. આ કેમ્પમાં અંબુજા ફાઉન્ડેશન-ખાંભાના પ્રોગ્રામ ઓફિસર હિતેશભાઈ મકવાણા તથા અંધશાળા-થોરડીના સંચાલક કાંતિદાદાએ પુરતો સહકાર આપેલ. આંખના ઓપરેશન લાયક દર્દીઓને હવે પછી પુરતું ફોલોઅપ લઈ જરૂર જણાયે અમરેલી, ભાવનગર કે અમદાવાદ ખાતે જરૂરી ઓપરેશન NPCB પ્રોગ્રામ અંતર્ગત નિઃશુલ્ક કરી આપવામાં આવશે.

## સ્વ.બાવાલાલ મોવલીયાના સ્મરણાર્થે મોવલીયા પરિવાર દ્વારા ટીંબી હોસ્પિટલને ૫૧,૦૦૦નું દાન અર્પણ કરાયું

અમરેલી, તા.૧૬

નાની કુકાવાવ ગામના વતની બાવાલાલ મોવલીયાના સ્મરણાર્થે મોવલીયા પરિવાર દ્વારા વિવિધ સેવાકીય કાર્યોનું આયોજન કરાયું હતું.જેમાં ટીંબી ખાતે આવેલી નિર્દોષાનંદ હોસ્પિટલમાં દર્દી નારાયણની સેવા અર્થે મોવલિયા પરિવાર દ્વારા ૫૧,૦૦૦નું દાન અર્પણ



કરવામાં આવ્યું હતું. આ તકે વસંતભાઈ મોવલીયા અને જલ્પેશભાઈ મોવલીયા દ્વારા ડો. બી.એલ રાજપરાને દાન ની રકમ અર્પણ કરાઈ હતી.

**દિવાળી પર મુસાફરોના ધસારાને પહોંચી વળવા માટે આયોજન**

## અમરેલી એસ.ટી.વિભાગે સુરત માટે ૬૦ બસ ફાળવી

**પરપ્રાંતીયો માટે દાહોદ, ગોધરા સહિતના શહેરોમાં ૨૫ બસ ફાળવવામાં આવી**

અમરેલી,તા.૧૬

અમરેલી એસ.ટી.ડિવિઝન દ્વારા સુરતથી માદરે વતન આવવા માટે આવતીકાલથી ૬૦ બસ દોડાવવાનું આયોજન કરવામાં આવ્યુ છે તો પરપ્રાંતીયોને વતન જવા માટે ૨૫ બસ છેલ્લાં ચાર દિવસથી દોડી રહી છે. અમરેલી એસ.ટી.ડિવિઝન દ્વારા દિવાળી પરના ટ્રાફિકને પહોંચી વળવા માટે એક્શન પ્લાન તૈયાર કર્યો છે. આ અંગે વિભાગીય નિયામક અતુલ સોલંકીએ જણાવ્યું હતું કે અમરેલી જિલ્લામાં ખેતીવાડી સહિત અન્ય કામગીરીમાં શ્રમિકોની સંખ્યા વધારે છે ત્યારે દિવાળીની ઉજવણી



શ્રમિકો પોતાના વતનમાં કરી શકે તે માટે એસ.ટી.વિભાગ દ્વારા વિવિધ ડેપોમાંથી ૨૫ એકસ્ટ્રા બસની ફાળવણી કરવામાં આવી છે. હાલ આ તમામ બસ ફુલ ચાલી રહી છે તો સુરત રહેતા અમરેલી જિલ્લાના લોકો દિવાળીની ઉજવણી કરવા માટે માદરે વતન આવી શકે તે માટે આવતીકાલ તા.૧૮થી ૬૦ બસ દોડાવવાનું આયોજન કરવામાં આવ્યુ છે. જેથી અમરેલી જિલ્લાના લોકો માદરે વતન પહોંચી શકે આ માટે મોટાભાગની બસનું ગૃપ બુકીંગ પણ કરવામાં આવ્યુ છે. આમ, દિવાળી પર મુસાફરોના ધસારાને પહોંચી વળવા માટે અમરેલી એસ.ટી.વિભાગ દ્વારા આયોજન કરવામાં આવ્યુ છે.

## લીલીયામાં સી.સી.ટી.વી. કેમેરા લગાવેલ ગામોના સરપંચોનું એસ.પી. દ્વારા સન્માન

લીલીયા,તા.૧૬

લીલીયા પોલીસ સ્ટેશનના ગ્રામ્ય વિસ્તારમાં પોલીસની તીસરી આંખ-પ્રોજેક્ટ ઈગલ આઈ-૨ અંતર્ગત પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા સી.સી.ટી.વી. કેમેરા ઈન્સ્ટોલેશન કરેલ ગામોના સરપંચોનું સન્માન કરવામાં આવેલ. લીલીયા પોલીસ સ્ટેશનના



ઈન્સ્પેક્ટર એમ.ડી. સાળુંકેની રાહબરી હેઠળ તાલુકા વિસ્તારના ગામો જેમા આંબા, હાથીગઢ, નાના લીલીયા, પાંચતલાવડા, વાઘણીયા, ઢાગલા, ભોરિંગડા, બવાડા, સનાળીયા મળી કુલ ૦૯ ગામોમાં ગ્રામજનોના સહયોગથી અને લોક ભાગીદારીથી કુલ ૧૧૦ સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવેલ છે. આ ગામના સરપંચોને એસ.પી. સંજય ખરાતે સન્માનિત કરેલ, તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## ભુરખીયા હનુમાનજી મંદિરે ૯૧મો વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાયો

દામનગર,તા.૧૬

દામનગરના ભુરખીયા હનુમાનજી મંદિરે બુધવારે ૯૧મો વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં ૧૪૪ દર્દીઓએ લાભ લીધો હતો.

આ કેમ્પ રમાબેન અનિલભાઈ પારેખ



પરિવાર-મુંબઈના આર્થિક સહયોગથી લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી), ભુરખીયા હનુમાન મંદિર ટ્રસ્ટ અને સુદર્શન નેત્રાલય ટ્રસ્ટ અમરેલીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ. ૧૪૪ દર્દીઓ પૈકી ૨૬ દર્દીઓને મોતિયોના અને ૨ દર્દીઓને વેલના ઓપરેશન માટે અમરેલી લઈ જવામાં આવેલ. ૧૦ દર્દીઓને રાહત ભાવે નંબરના ચશ્મા બનાવી અપાશે.









**શહેરના રાજકિય આગેવાનોને ફોટોસેશનમાં રસ, રજૂઆત કરવાનો સમય નથી**

# બગસરામાં નવા એસ.ટી. રૂટ શરૂ કરવા લોકોની માંગ

બગસરા,તા.૧૬

બગસરામાં માયકાંગલી નેતાગીરી અને આગેવાનોના ફોટોસેશનના શોખને લીધે બગસરા એસ.ટી.ડેપોમાં એકપણ નવા રૂટ શરૂ થયા નથી જેથી મુસાફર જનતા અને સામાજિક સંસ્થાઓમાં ભારે રોષ ફેલાયો છે. બગસરાની સામાજિક સંસ્થાઓએ અનેકવાર નવા રૂટ ચાલુ કરવા માટે રજૂઆત કરેલ છે પરંતુ તંત્રએ બગસરા પ્રત્યે ઓરમાયુ વર્તન રાખતા હોવાથી નવા રૂટ શરૂ થતા નથી તેવો આક્ષેપ સામાજિક સંસ્થાઓએ કર્યો છે. આ અંગે ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ દિનેશ હડીયલે જણાવ્યું હતું કે, ધારાસભ્યએ નવા રૂટ શરૂ કરવા માટે કયારેય રજૂઆત કરેલ નથી અને બગસરા-શિરડી બસને લીલીઝંડી આપ્યા બાદ બસ બંધ પણ થઈ ગઈ છે તો વેપારી મહામંડળના પ્રમુખ ભાવેશ મસરાણીએ



જણાવ્યું હતું કે, ધારાસભ્ય બગસરા પ્રત્યે ઓરમાયુ વર્તન રાખે છે ધારી-ભુજ કે ધારી-નાથદ્વારા બસને વાયા બગસરા કરવાને બદલે વાયા અમરેલી બસ કરવામાં આવી છે. આ અંગે આપના આગેવાન કાંતિભાઈ સતાસીયાએ જણાવ્યુ હતું કે વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને જીતાડવા બગસરાનો મોટો ફાળો છે ત્યારે ધારાસભ્યએ ધારીની સાથે બગસરા-ખાંભાને પણ એસ.ટી.બસના નવા રૂટ મળે તેવા પ્રયત્નો કરવો જોઈએ.

**નવા રૂટ ચાલુ કરવા રજૂઆત કરાશે : જે.વી. કાકડીયા**

ધારાસભ્ય જે.વી. કાકડીયાએ જણાવ્યું હતું કે, બગસરાએ જે માંગણી કરેલ છે તેને પણ ચાલુ કરવાની રજૂઆત કરાશે પણ ક્યારે નવા રૂટ ચાલુ થશે તે અંગે કોઈ ચોક્કસ જવાબ આપ્યો ન હતો. જેથી આગેવાનો ફોટોસેશન કરવાને બદલે નવા રૂટ શરૂ કરવા માટે રજૂઆત કરે તેવુ મુસાફર જનતા ઈચ્છી રહી છે.

# ખોડિયાર ડેમની મેઈન કેનાલના રિનોવેશન માટે કૌશિક વેકરીયાની રજૂઆતને સફળતા

**સિંચાઈ વિભાગે રૂ.૧૩.૨૭ કરોડની વહીવટી મંજૂરી આપી**

અમરેલી, તા.૧૬

અમરેલી જિલ્લાના કુંકાવાવ વિસ્તારના ધારાસભ્ય કૌશિક વેકરિયાના મક્કમ પ્રયત્નોને પગલે ખોડિયાર ડેમ ઈરીગેશન સ્કીમના લાઈનિંગ, સ્ટ્રક્ચરીંગ અને મેઈન કેનાલના નવીનીકરણ તથા રિનોવેશનના કામ માટે



રૂ.૧૩.૨૭ કરોડની વહીવટી મંજૂરી મળેલી છે. સિંચાઈ મંત્રી કુંવરજીભાઈ બાવળિયાને કરાયેલા ભારપૂર્વકના રજૂઆતો બાદ નર્મદા જળ સંપતિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા આ મંજૂરી આપવામાં આવી છે. આ મહત્વપૂર્ણ યોજનાથી ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી ઉપલબ્ધ થશે અને કૃષિ ઉત્પાદનક્ષમતા વધશે.

કૌશિક વેકરિયાએ આ મંજૂરી બદલ મંત્રીનો આભાર માન્યો છે. આગામી દિવસોમાં કેનાલના રિનોવેશનનું કાર્ય શરૂ થવાનું છે, જ્યારે ફેઝ-૨ માટેની મંજૂરી પણ ટૂંક સમયમાં મળશે.

# સાવરકુંડલાની ઘેલાણી મહિલા આટ્ર્સ કોલેજની વિદ્યાર્થિનીઓની યુવક મહોત્સવમાં ઝળહળતી સિદ્ધિ

સાવરકુંડલા,તા.૧૬

સાવરકુંડલામાં શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી.ડી. ઘેલાણી મહિલા આટ્ર્સ કોલેજની વિદ્યાર્થિનીઓએ રાજકોટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે તા.૧૩/૧૦/૨૫ થી ૧૫/૧૦/૨૫ દરમ્યાન ૫૩મા યુવક મહોત્સવ "સિંદુરોસ્તવ"માં અનેકવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જેમાં હસ્તકલાની સ્પર્ધામાં ટીવાય. બી.એ.ની વિદ્યાર્થિની માંજરીયા સુર્મિલા જગુભાઈએ



પ્રથમ નંબર તથા પથ્થર નંદના મુકેશભાઈએ રંગોળીમાં તૃતીય નંબર પ્રાપ્ત કર્યો હતો. અન્ય સ્પર્ધાઓમાં પણ વિદ્યાર્થિનીઓનું પ્રદાન ઘણું ઉત્તમ હતું. આ સફળતા માટે કોલેજના કાર્યકારી આચાર્ય ડી.એલ.ચાવડાનું પ્રોત્સાહન, પ્રા. ડો.પ્રતિમા શુક્લનું માર્ગદર્શન, કલા વિભાગની સુઝબુઝ અને મહેનતના કારણે આ સિદ્ધિ પ્રાપ્ત થયેલ છે. અન્ય સ્પર્ધાઓમાં પ્રા. ડૉ.રુકશાના કુરેશી, પ્રા.છાયાબેન શાહ દ્વારા મહેનતપૂર્વક તૈયારી કરાવવામાં આવેલ હતી. આ સમગ્ર કાર્યક્રમની ગોઠવણ અને સંચાલન કો-ઓર્ડીનેટર પ્રા.ડો. હરિતા જોશી દ્વારા કરવામાં આવેલ હતું.

# અમરેલી શહેર ભાજપ દ્વારા રંગોળી સ્પર્ધાનું આયોજન, ૧૦૦ બહેનોએ ભાગ લીધો

**ભાગ લેનાર બહેનોને પ્રોત્સાહક ઈનમો આપવામાં આવ્યા**

અમરેલી,તા.૧૬

આત્મનિર્ભર ભારત અને સ્વદેશી અભિયાનના સંદેશને પ્રસરાવવા અમરેલી શહેર ભાજપ દ્વારા રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા અમરેલી જિલ્લા



પંચાયત ખાતે યોજાઈ હતી. આ સ્પર્ધામાં શહેરની આશરે ૧૦૦ જેટલી કલાપ્રેમી બહેનો ઉત્સાહપૂર્વક જોડાઈ હતી. "આત્મનિર્ભર ભારત" અને "સ્વદેશી અભિયાન"ની થીમ પર વિવિધ રંગોળીઓ દ્વારા બહેનોએ પોતાની સર્જનાત્મકતા રજૂ કરી હતી. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ બહેનોને પ્રોત્સાહનરૂપ ઈનામો આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે સાંસદ ભરતભાઈ સુતરીયા, અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ ચોટલિયા સહિતના ભાજપના આગેવાનો તથા મહેમાનોએ ઉપસ્થિત રહી બહેનોના ઉત્સાહને વધાવ્યો હતો.


**સંકુલ ફાર્મસી કોલેજ - MQ / VQ સીટ પ્રવેશ**

પ્રથમ વર્ષ ડિગ્રી ફાર્મસી અભ્યાસક્રમમાં વર્ષ ૨૦૨૫ – ૨૬
વેકેન્ટ તથા મેનેજમેન્ટ સીટ પ્રવેશ માટેનો કાર્યક્રમ

| ક્રમ | તારીખ | વિગત |
| --- | --- | --- |
| ૧ | ૧૭/૧૦/૨૫ થી ૨૭/૧૦/૨૬ | સંસ્થા ખાતે પ્રવેશ ફોર્મ ભરવાની કાર્યવાહી |
| ૨ | ૨૮/૧૦/૨૦૨૫ | મેરીટ લીસ્ટ નોટીસ બોર્ડ અને વેબસાઈટ પર પ્રસિદ્ધ |
| ૩ | ૩૦/૧૦/૨૦૨૫ | સંસ્થા ખાતે કાઉન્સીલીંગ વેકેન્ટ એડમીશન પ્રક્રિયા |

★ શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત ★
★ શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા ફાર્મસી મહિલા કોલેજ ★
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, ચક્કરગઢ રોડ અમરેલી - Ad 135


## અવસાન નોંધ

**વીજપડી**

નાનુડી વાળા હાલ વીજપડી મહંમદભાઇ ગુલાબભાઈ કુરેશી ઉંમર વર્ષ ૭૦ અલ્લાહની રહેમતમાં પહોચી ગયેલ છે. મર્હુમની જયારત તારીખ-૧૮/૧૦/૨૫ ને શનિવારે સવારે ૧૦ કલાકે પુરુષો માટે જુમ્મા મસ્જિદ તેમજ ઓરતોની તેમના નિવાસસ્થાને મુ.વીજપડી ખાતે રાખેલ છે. મર્હુમ મહંમદભાઇ તે સલીમભાઈ તથા નાસીરભાઇ તેમજ રૂસ્તમભાઈના વાલીદ થાય તેમજ શબ્બીરભાઇ તથા મુસ્તાકભાઇ તેમજ અકીલભાઇના દાદા થાય છે.

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે વર્ચ્યુઅલ ખાતમુહૂર્ત કરાયું**

# અમરેલીમાં ૨૧ કરોડના ખર્ચે અદ્યતન જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર બનશે

**જિલ્લાના ધારાસભ્યોએ ભૂમિપૂજન કર્યું**

અમરેલી,તા.૧૬

અમરેલીના લાઠી રોડ પર કે.કે. પારેખ ટેક્નિકલ ગ્રાઉન્ડ ખાતે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં જિલ્લા વિજ્ઞાન કેન્દ્રનું ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ હેઠળની ગુજકોસ્ટ દ્વારા અંદાજે રૂ. ૨૧ કરોડના ખર્ચે આ અદ્યતન કેન્દ્ર આકાર પામશે. વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, મહેશભાઈ કસવાળા અને જનકભાઈ તળાવીયા સહિતના



મહાનુભાવોએ ભૂમિપૂજન કર્યું હતું. આ કેન્દ્રમાં વિજ્ઞાન આધારિત ત્રણ ગેલેરીઓ હશેઃ પ્રાદેશિક (ગીર સિંહ, બાયોકોસ્ટિક્સ), લાઈફ સાયન્સ (ડીએનએ, મોલેક્યુલર બાયોલોજી) અને સામાન્ય વિજ્ઞાન (ક્વોન્ટમ ડેમો, કાર્બન ફૂટપ્રિન્ટ સિમ્યુલેટર). ઉપરાંત, પ્લેનેટોરિયમ, ઓડિટોરીયમ, ડિસ્કવરી સેન્ટર અને ફૂડ કોર્ટ પણ હશે. આ વિજ્ઞાન કેન્દ્ર બાળકોને વિજ્ઞાન અને સંશોધન માટેનું એક મહત્વનું પ્લેટફોર્મ પૂરું પાડશે.




દિપાવલી - નૂતન વર્ષ પર્વના સર્વોને અભિનંદન...
BLUE BUDDHA
END OF SEASON SALE
BUY 1@30% OFF
BUY 3@40% OFF
BUY 4@50% OFF
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ: અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.


## ઘનશ્યામનગરથી થોરડીની વચ્ચે આવેલ માહી ડેરી પાસે અકસ્માત

સાવરકુંડલા, તા.૧૬

સાવરકુંડલાના ઘનશ્યામનગર (આદસંગ) થી થોરડીની વચ્ચે આવેલ માહી ડેરી પાસે અકસ્માત સર્જાયો હતો.

**અકસ્માત સર્જી ફોરવ્હીલ ચાલક ફરાર**


શું તમને સાંભળવાની તકલીફ છે ?

આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ, જેથી તેઓ ફરીથી સાંભળી શકે આપણી વાત
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય

કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


**રાજેલા મહે. એકિઝકયુટિવ મેજી. સાહેબની કોર્ટમાં મુ. રાજુલા**

પરચ. અનં. ૦૮/૨૦૨૫

અરજદાર :- બાઘાભાઈ ભીખાભાઈ વાઘ
ઉ.વ.આ.પુખ્ત, ધર્મેઃ-હિન્દુ, ધંધોઃ- મજુરી,
રહે. ખાંભલિયા, તા.રાજુલા, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- તલાટી કમ મંત્રી શ્રી,
-વ-
જન્મ - મરણ નોંધણી અધિકારી શ્રી
ગ્રામ પંચાયત - ખાંભલિયા

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટિસથી જાહેર કરીએ છીએ કે અમરેલી જિલ્લાના રાજુલાના ખાંભલિયા ગામના શ્રી બાઘાભાઈ ભીખાભાઈ વાઘ તે ના પિતા ભીખાભાઈ સામતભાઈ વાઘનો મરણ તા. ૦૫/૦૫/૧૯૯૧ અને ના મરણ થયા અંગેની નોંધ કરાવવા તેમના વિ.વકીલશ્રી નરશી વી.બારૈયા મારફત અત્રે કોર્ટમાં ઉપરોકત નંબરની અરજ કરેલ છે. તો આ કામના સદર નોંધ અંગે કોઈપણ ને કોઈ વાંધો વિરોધ કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરી રૂબરૂ અથવા મુખત્યાર કે માહિતગાર કરેલ વકીલ મારફત હાજર રહી વાંધા તથા પુરાવા રજુ કરવા જાણ કરવામાં આવે છે. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧ માહે મે સને ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટના સીકકા કરી આપ્યા.

મુ. રાજુલા
તા.૦૧/૦૫/૨૦૨૫
(કોર્ટનો સિક્કો)
સહી.
તાલુકા એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
રાજુલા

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**
**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૯૩/૨૦૨૫ તા.૧૫/૧૦/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. દુધાત કનુભાઈ મોહનભાઈ
રહે. જીરા તા.સાવરકુંડલા જી. અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી જીરા તા.સાવરકુંડલા,

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી બહેન દુધાત કસ્તુરબેન મોહનભાઈનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૦ ના રોજ મુ.જીરા તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૩૦/૧૦/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**
**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૦૩/૨૦૨૫ તા.૧૫/૧૦/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. જીરૂકા ઈસ્માઈલભાઈ નુરૂદીનભાઈ
રહે.મણીનગર સાધના સોસાયટી સાવરકુંડલા
તા. સાવરકુંડલા જી. અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળાઃ- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા,
તા.સાવરકુંડલા જી. અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના ભાણેજ વિહળ સમીમબાનુ ઈશાકભાઈનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૨ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૩૦/૧૦/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

**-//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટસાહેબ ગીરગઢડાની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ.નં. 121/2025

**પ્રતિ**
શ્રી લખમણભાઈ રાણાભાઈ ગોહિલ,
રહે. પાણખાણ, ગામ-પાણખાણ, તાલુકો- ગીરગઢડા
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, પી.જી. સોસા ગીરગઢડા ........અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ- મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, પાણખાણ, તા.ગીરગઢડા,
જિ.ગીરસોમનાથ ....સામાવાળા

**-:જાહેર નોટીસ:-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના **પાણખાણ** ગામના રહીશ લખમણભાઈ રાણાભાઈ ગોહિલ તથા મંજુલાબેન લખમણભાઈ ગોહિલના પુત્રી અંકિતા લખમણભાઈ ગોહિલનો જન્મ તારીખ **20/11/2007** ના રોજ ગીરગઢડા તાલુકાના **પાણખાણ** ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, પાણખાણ, તાલુકો-ગીરગઢડા સને.**2007** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૩/૧૧/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૯/૧૦/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

સહી,
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ,
ગીરગઢડા

**//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, મુ. અમરેલી//**

અપીલ અરજ નં.૧૮૩/૨૦૨૫

અરજદાર :- બોડા નેહાબેન જગદીશભાઈ ઉ.વ. પુખ્ત ધંધો ઘરકામ
ધર્મે હિન્દુ/પટેલ રહે. હાલ સુરત ૫૪ બાલાજી બંગલોઝ નીયર યોગી ચોક, પુણા સીમાડા રોડ ચોર્યાસી પી ઓ બોમ્બ માર્કેટ સુરત પીન ૩૯૫૦૧૦
અરજદાર તર્ફે વિ.વ.શ્રી જી.સી.કોટડીયા લાઠી બાર મેમ્બર

**વિરૂધ્ધ**

સામાવાળાઃ- જન્મ-મરણ નોંધણી ત.ક.મ.અધિકારી
ગ્રામ પંચાયત કચેરી, તા.જી.અમરેલી

આથી લાગતા વળગતા સર્વે ને જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર અમરેલી જીલ્લા ના ચાંદગઢ ગામના અરજદાર બોડા નેહાબેન જગદીશભાઈએ તેઓએ પોતાની જન્મનોંધ કરાવવામાટે અત્રેની કોર્ટમાં ઉપરોકત અપીલ અરજનંબરથી અરજી કરેલ છે. અરજદાર ની જન્મ તારીખ-૧૩/૧૦/૧૯૯૯ ના રોજ થયેલ છે જે અંગેની જન્મ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈ ને વાંધો/તકરાર કે હરકત હોય તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસ પોતે જાતે તેમના મુખ્ત્યાર કે વકીલ મારફત હાજર રહેવું તેમ કરવામાં કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો

આજ રોજ તારીખ ૧૦/૧૦/૨૦૨૫ના રોજ આ નોટીસ ઈસ્યુ કરી સહી સીકકા કરેલ છે.

સ્થળ : લાઠી
તારીખ : ૧૦/૧૦/૨૦૨૫
સહી,
એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય


**મોકડ્રીલમાં ચેતક કમાન્ડો, એસઓજી, બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ હાજર રહી**

# પીપાવાવ પોર્ટ ખાતે આતંકવાદી હુમલાની મોકડ્રીલ યોજાઈ

અમરેલી,તા.૧૬

પીપાવાવ પોર્ટ પર આતંકવાદી હુમલાની મોકડ્રીલ યોજાઈ હતી. આ મોકડ્રીલમાં ચેતક કમાન્ડો, SOG, QRT, સ્થાનિક પોલીસ અને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ સહિતની ટીમોએ ભાગ લીધો હતો. આ ઓપરેશનમાં ત્રણ આતંકવાદીઓને પકડીને બંધકોને સુરક્ષિત રીતે છોડાવવામાં આવ્યા હતા. રાજ્યના મહત્વના વાઈટલ ઈન્સ્ટોલેશન પર ભવિષ્યમાં સંભવિત આતંકવાદી હુમલાનો સામનો કરવા અને પ્રથમ પ્રતિભાવ આપનાર ટીમ તરીકે ચેતક કમાન્ડો ફોર્સની તૈયારી સુનિશ્ચિત કરવા આ મોકડ્રીલનું આયોજન કરાયું હતું. વાર્ષિક એક્શન પ્લાન-૨૦૨૫ના ત્રીજા ક્વાર્ટર અંતર્ગત આ કવાયત હાથ ધરવામાં આવી હતી, જેથી કમાન્ડો વાઈટલ પોઈન્ટ્સથી વાકેફ થાય.

મોકડ્રીલ અંતર્ગત બપોરે ત્રણ વાગ્યા બાદ APL ટર્મિનલ, પીપાવાવ પોર્ટ ખાતે ત્રણ આતંકવાદીઓ વિસ્ફોટકો અને AK-૪૭ હથિયારો સાથે ઘૂસ્યા હોવાનો સંદેશ મળ્યો હતો. આતંકવાદી હુમલાની પ્રથમ જાણ પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનને થતાં, તેમણે તાત્કાલિક સંલગ્ન એજન્સીઓને જાણ કરી હતી.



માહિતી મળતા જ અમરેલી ખાતેથી SOG, QRT, બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ અને સ્થાનિક પોલીસ સહિતની ટીમો ઘટના સ્થળે પહોંચી હતી. અમરેલી જિલ્લા પોલીસ વતી ધારીના ASP જયવીર ગઢવીએ ઈન્સિડન્ટ કમાન્ડર તરીકે મોરચો સંભાળ્યો હતો. તેમના માર્ગદર્શન હેઠળ વિવિધ ટીમોએ આતંકવાદીઓએ કબજે કરેલા વિસ્તારને કોર્ડન કરીને પ્રાથમિક કાર્યવાહી શરૂ કરી હતી. આ દરમિયાન, આતંકવાદીઓ દ્વારા ફેંકવામાં આવેલા ગ્રેનેડ હુમલામાં બે પોલીસકર્મી ઈજાગ્રસ્ત થયા હતા, જેમને આરોગ્ય વિભાગની ટીમે પ્રાથમિક સારવાર આપી હતી. ત્યારબાદ ગાંધીનગરથી અમદાવાદ થઈને વિમાન માર્ગે દીવ એરપોર્ટ પહોંચેલી ચેતક કમાન્ડોની ટીમ સંઘપ્રદેશ દીવથી મોટરમાર્ગે પીપાવાવ પોર્ટ આવી પહોંચી હતી અને આગળનો મોરચો સંભાળ્યો હતો.

સ્નાઈપર ગન સહિતના સાધનોથી સજ્જ ચેતક કમાન્ડોએ ઈન્સિડન્ટ કમાન્ડરના માર્ગદર્શનમાં મરીન બિલ્ડિંગમાં ઘૂસેલા આતંકવાદીઓને જીવિત અથવા મૃત પકડવા માટે કાર્યવાહી શરૂ કરી હતી.

---

**દીકરાને પણ તેડવા ન આવ્યા**

# જસદણના ગોખલાણા ગામે પતિએ પત્નીને ગાળો બોલી પહેરેલા કપડાએ ઘરેથી કાઢી મૂકી

**પિયર કરીયાણા ગામે આવી સાસરિયા સામે ફરિયાદ નોંધાવી**

બાબરા, તા.૧૬

બાબરાના કરીયાણા ગામે રહેતી યુવતીના લગ્ન રાજકોટના જસદણ તાલુકાના ગોખલાણા ગામે થયા હતા. લગ્ન બાદ સાસરિયાએ ત્રાસ ગુજાર્યો હતો અને પતિએ ગાળો બોલી, પહેરેલા કપડાએ ઘરમાંથી કાઢી મૂકી હતી. બનાવ અંગે જાગૃતિબેન સાગરભાઈ મેણીયાએ ગોખલાણા ગામે રહેતા પતિ સાગરભાઈ છગનભાઈ મેણીયા, સસરા છગનભાઈ કાનાભાઈ મેણીયા, સાસુ પારૂલબેન છગનભાઈ મેણીયા તથા જેઠ શૈલેષભાઈ છગનભાઈ મેણીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમના લગ્ન આશરે પાંચેક વર્ષ પહેલા થયા હતા અને સંયુક્ત કુંટુંબમાં રહેતા હતા. આરોપીઓએ તેમને થોડો સમય સારી રીતે રાખ્યા બાદ બાદ ઘરકામ તથા કરિયાવર બાબતે મેણાટોણા મારી શારીરિક, માનસિક અસહ્ય દુઃખ-ત્રાસ આપ્યો હતો. ઉપરાંત અવારનવાર બિભત્સ ગાળો આપી મુંઢમાર મારી પૂરતું જમવાનું ન આપી પહેરેલા કપડે ઘરમાંથી કાઢી મૂકી હતી. તેમજ આજદિન સુધી તેમને તથા તેમના દીકરાને તેડવા આવ્યા નહોતા. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વાય.એચ. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

---

# જાફરાબાદ ટાઉન પોલીસ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો, રક્તદાતાઓ ઉમટી પડ્યા

**અધિકારીઓ અને પદાધિકારીઓ પર હાજર રહ્યાં**

જાફરાબાદ,તા.૧૬

સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત પોલીસ સંભારણા દિવસ નિમિત્તે જાફરાબાદ ટાઉન પોલીસ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જાફરાબાદ શહેરમાં નગરપાલિકા ટાઉનહોલ ખાતે



તસવીર : બાબુભાઈ વાટેળ

જાફરાબાદ ટાઉન પોલીસ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટાઉન પીઆઈ જે.આર. ભાચકન, મામલતદાર લકુમ, ચેતનભાઈ શિયાળ, ભાવેશભાઈ સોલંકી, મનહરભાઈ બારૈયા, પ્રફુલ્લભાઈ બારૈયા, કનૈયાલાલ સોલંકી, નારણભાઈ બાંભણીયાના વરદ હસ્તે દીપ પ્રાગટય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જાફરાબાદના રાજકીય આગેવાનો અને સામાજિક આગેવાનો, વેપારીઓ તેમજ ખાનગી સંસ્થાઓ, લોકો, ટાઉન પોલીસ તેમજ એસ.આર.ડી.ના સભ્યો દ્વારા બ્લડ ડોનેટ કરવામાં આવ્યું હતું અને બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

---

# દિવાળી પર્વ નિમિત્તે અમરેલી માર્કેટયાર્ડમાં ૯ દિવસની રજાઃ ૧૮ ઓક્ટોબરથી કામકાજ સંપૂર્ણપણે બંધ રહેશે

**APMC દ્વારા તા. ૧૮ થી ૨૬ ઓક્ટોબર સુધી તમામ કામકાજ બંધ રાખવાની જાહેરાત; લાલ સૂકા મરચાં સહિત તમામ જણસીઓની આવકને તા. ૨૬ ઓક્ટોબર, રવિવારથી પ્રવેશ અપાશે; ૨૭ ઓક્ટોબર, સોમવારથી રાબેતા મુજબ કાર્યરત થશે**

અમરેલી,તા.૧૬

અમરેલી જિલ્લાના ખેડૂતો અને વેપારીઓ માટે મહત્ત્વપૂર્ણ સમાચાર છે. ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (APMC), અમરેલી દ્વારા આગામી દિવાળીના પાવન પર્વ નિમિત્તે માર્કેટયાર્ડમાં લાંબી રજા જાહેર કરવામાં આવી છે. બજાર સમિતિના સેક્રેટરી તુષાર હપાણીએ એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર, તા. ૧૮/૧૦/૨૦૨૫ ને શનિવારથી તા. ૨૬/૧૦/૨૦૨૫ ને રવિવાર સુધી કુલ ૯ દિવસ માટે અમરેલી માર્કેટયાર્ડનું તમામ કામકાજ સંપૂર્ણપણે બંધ રહેશે. જોકે, ખેડૂતોની સગવડતાને ધ્યાનમાં રાખીને, લાલ સૂકા મરચાં સહિત તમામ જણસીઓની આવકને તા. ૨૬/૧૦/૨૦૨૫ ને રવિવારથી માર્કેટયાર્ડમાં પ્રવેશ આપવામાં આવશે. તમામ ખેડૂતભાઈઓ તથા લાગતા-વળગતાઓએ આ રજાની અવધિની નોંધ લેવા વિનંતી કરવામાં આવી છે. માર્કેટયાર્ડનું તમામ કામકાજ તા. ૨૭/૧૦/૨૦૨૫ ને સોમવારથી રાબેતા મુજબ શરૂ થઈ જશે.

---

**જિલ્લામાં અંધશ્રદ્ધાનો વધુ એક કિસ્સો સામે આવ્યો**

# વિકલાંગ દીકરાને માતાજીની બાધા રાખી સારું કરવાનું કહી ૧૫.૧૬ લાખની છેતરપિંડી

**કોટડાપીઠાના પુરુષે ફરિયાદ નોંધાવી**

બાબરા, તા. ૧૬

બાબરાના કોટડાપીઠા ગામે રહેતા એક પુરુષનો દીકરો વિકલાંગ હતો. એક યુવકે તેમને માતાજીની બાધા રાખી સારું કરવાનો વિશ્વાસ અપાવી રૂ. ૧૫.૧૬ લાખની છેતરપિંડી કરી હતી. પારસભાઈ ત્રિભુવનભાઈ બગથળીયા (ઉ.વ.૫૦) એ વિસાવદર તાલુકાના રામપરા (પ્રેમપરા) ગામે રહેતા રાજવીર ઉર્ફે બીજલભાઈ આલસુરભાઈ ભડા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમના શારીરિક અને માનસિક રીતે દિવ્યાંગ પુત્રને માતાજીની બાધા રાખીને સાજો કરી આપવાનું કહીને આરોપીએ કુલ રૂ. ૧૫.૧૬ લાખની ઠગાઈ કરી હોવાનું સામે આવ્યું હતું. પ્રાપ્ત માહિતી મુજબ, આરોપી યુવકે તેમને વિશ્વાસમાં લીધા હતા કે તેમના દિવ્યાંગ પુત્રને માતાજીની બાધા રાખવાથી સાજો કરી શકાશે. આરોપીએ બાધા પૂરી કરવાના ખર્ચ પેટે સૌપ્રથમ તેમની પાસેથી રોકડા ૭૦,૦૦૦ પડાવ્યા હતા. ત્યારબાદ, બાધા પૂરી કરવામાં વધુ ખર્ચ થશે તેમ અવારનવાર કહીને ફરિયાદીને પૈસા આપવા માટે દબાણ કર્યું હતું. તેમની પાસે રોકડા રૂપિયા ન હોવાથી, આરોપી તેમને અમરેલીમાં એક સોનીની દુકાને લઈ ગયો હતો. જ્યાં ફરિયાદીના સોનાના દાગીના વેચાવીને તેમાંથી માતાજીનો સોનાનો દોરો તથા પેન્ડલ (કિંમત આશરે રૂ. ૨,૫૯,૨૪૦) બનાવડાવ્યા હતા અને બાકીના રોકડા રૂ. ૧૨,૫૬,૭૬૦ મેળવ્યા હતા. આમ, આરોપીએ માતાજીની બાધાના નામે કુલ રૂ. ૧૫,૧૬,૦૦૦ ની છેતરપિંડી કરી હતી. ધાર્મિક આસ્થા અને અંધશ્રદ્ધાનો લાભ લઈને આચરવામાં આવેલી આ છેતરપિંડીએ પંથકમાં ચકચાર જગાવી હતી. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.સી. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

---

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિઃ અગિયારસ
તા. ૧૭-૧૦-૨૦૨૫, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૨૨,
સૂર્યાસ્ત-૦૫:૪૯, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ માઘ

## દૈનિક રાશિફળ

**તા.૧૭-૧૦-૨૦૨૫ — શુક્રવાર**

મેષઃ આજે તમને ધંધામાં સતત લાભ મળશે. તે જ સમયે ધંધાકીય ભાગીદારો તરફથી મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે.

વૃષભઃ આજે તમને સંતાનો તરફથી જે ચિંતાઓ રહી હતી તે ઉકેલાય તેવી અપેક્ષા છે. આજે તમને તમારા પ્રિયજનો અને પરિવારનો સંપૂર્ણ સહયોગ મળશે.

મિથુનઃ ભાઇઓ અને વ્યાવસાયિક સહયોગીઓ સાથે અશાંતિની સ્થિતિને કારણે આખો દિવસ અસ્વસ્થ રહેશો. દુશ્મનના વિવાદથી આજે તમે પરેશાન થશો.

કર્કઃ આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓમાં કોઈને શારીરિક સમસ્યા નડી શકે છે. ખોટા અને વ્યર્થ વિવાદથી આજે દૂર રહો.

સિંહઃ આજે તમને શારીરિક અને આર્થિક શક્તિ પ્રદાન થશે. સારા લોકો સાથે વધતા સંપર્કને કારણે અધિકારીઓ તમારી તરફ રહેશે.

કન્યાઃ આજે પ્રિયજનો સાથે વિરોધાભાસની સ્થિતિનું નિર્માણ થશે. આજે તમારા સમય પ્રમાણે કામ કરવામાં અડચણ આવશે.

તુલાઃ આજે તમારે સંતાન પક્ષની ચિંતા રહેશે. સ્થાળાંતરણનો સંદર્ભ પ્રબળ અને સ્થાપિત થશે. આર્થિક લાભ થશે.

વૃશ્ચિકઃ આજે તમારા ગૌરવમાં વધારો થશે. દુશ્મનોના મનોબળનું પતન થશે. ઘરેલું અને સારી ગુણવત્તાવાળા લોકો સાથે સંવાદ વધશે.

ધનઃ આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થશે. તમને સાંજથી રાત સુધી શુભ કાર્યમાં જોડાવાનો લ્હાવો મળશે.

મકરઃ આજે શુભ ખર્ચા અને ખ્યાતિમાં વધારો થશે. ભાગ્યનો ઉદય, સંપત્તિમાં વધારો, મજબૂત વિરોધીઓ છતાં, સાંજની સમાપ્તિ સુધી બધે જ વિજય પ્રાપ્ત થશે.

કુંભઃ આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. આ સિવાય કફ-પિત્ત રોગોથી શારીરિક ત્રાસ રહેવાની સંભાવના રહેશે.

મીનઃ આજે તમને આર્થિક લાભ થવાની અપેક્ષા રહેશે. માનસિક તણાવથી બચવા માટે ધૈર્ય અને નમ્રતાથી કાર્ય કરો.

---

**કેન્દ્ર અને રાજ્ય સરકારની જનકલ્યાણકારી યોજનાઓની સર્વગ્રાહી સમીક્ષા કરાઈ**

# અમરેલીમાં સાંસદના અધ્યક્ષસ્થાને દિશા કમિટીની બેઠક યોજાઈ

અમરેલી,તા.૧૬

અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયાના અધ્યક્ષ સ્થાને ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ કો-ઓર્ડીનેશન એન્ડ મોનિટરિંગ કમિટી- દિશા બેઠક યોજાઈ હતી. જેમાં સવિશેષ કેન્દ્ર સરકારની જન કલ્યાણકારી યોજનાઓ - કાર્યક્રમની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર કચેરી ખાતે નાયબ મુખ્ય દંડક અને ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, જનકભાઈ તળાવીયાની ઉપસ્થિતિમાં અમરેલી જિલ્લામાં કેન્દ્ર રાજ્ય સરકારની પ્રજાલક્ષી યોજનાઓના અમલીકરણ સંદર્ભે વિસ્તૃત સમીક્ષાની સાથે જરૂરી પરામર્શ કરવામાં આવ્યો હતો. આ બેઠકમાં સાંસદ ભરતભાઈ સુતરીયાએ પ્રેઝન્ટેશનના માધ્યમથી યોજનાકીય સિદ્ધિઓની વિગતો મેળવી હતી. આ



ઉપરાંત જનસામાન્ય સરકારી યોજનાઓના લાભથી વંચિત ન રહે તે માટે પણ જરૂરી માર્ગદર્શન કર્યું હતું. જિલ્લામાં લોકોને સ્પર્શતા રોડ, વિકાસના કામો અને માળખાકીય સુવિધાઓ સહિતના મુદ્દે પણ જરૂરી દિશાનિર્દેશો આપ્યા હતા. આ બેઠકમાં નેશનલ હાઈવે ઓથોરિટી હેઠળના રસ્તાઓની મરામત, વાસ્મો યોજના, સ્વામિત્વ યોજના, પ્રધાનમંત્રી સિંચાઈ યોજનાના અમલીકરણ સંદર્ભે પણ વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત મનરેગા, પ્રધાનમંત્રી આવાસ યોજના, દિનદયાળ અંત્યોદય યોજના- રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન, રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ, સાંસદ આદર્શ ગ્રામ્ય યોજના, અમૃત ૨.૦, સંકલિત બાળ વિકાસ યોજના, આયુષ્માન ભારત ડિજિટલ મિશન, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, શિષ્યવૃત્તિ યોજનાઓ, ખેલો ઈન્ડિયા, પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ પરિયોજના સહિતની યોજનાઓ-કાર્યક્રમોની સમીક્ષા કરવામાં આવી હતી.

**ધારાસભ્યો કૌશિક વેકરીયા, મહેશ કસવાલા, જનક તળાવીયા ઉપસ્થિત રહ્યા**

---


**રાજેલાના મહે. એકઝીક્યુટીવ મેજી. સાહેબની કોર્ટમાં મુ.રાજુલા**

ફો. પરચ. અનં. ૦૭/૨૦૨૫

અરજદાર :- બાઘાભાઈ ભીખાભાઈ વાઘ
ઉ.વ.આ.પુખ્ત, ધર્મેઃ-હિન્દુ, ધંધોઃ- ખેતી/મજુરી,
રહે. ખાંભલીયા, તા.રાજુલા, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- તલાટી કમ મંત્રી શ્રી,
-વ-
જન્મ - મરણ નોંધણી અધિકારી શ્રી
ગ્રામ પંચાયત - ખાંભલીયા

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળતગતા તમામને આ જાહેર નોટિસથી જાહેર કરવામા આવે છે કે અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ખાંભલીયા ગામના શ્રી દેવશ્રીબેન ભીખાભાઈ વાઘની મરણ તા. ૨૪/૧૦/૨૦૦૩ ના રોજ મરણ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી નરશી વી. બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો વિરોધ કે તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સામે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૩ માહે મે સને ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટના સીકકા કરી આપ્યા.

સ્થળ :
તા.૦૧/૦૫/૨૦૨૫

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા



**ગુજરાત સહકારી મંડળી અધિનિયમ -૧૯૬૧ ની કલમ - ૪ મુજબ મંડળીની નોંધણી કરતાં પૂર્વેની જાહેર નોટીસ**

**જાહેર નોટીસ**

આથી આ નોટીસથી કાર્યવિસ્તારમાં આવેલ મજુર અને કામદાર સહકારી મંડળીઓ તથા લાગતા વળગતાઓને જણાવવામાં આવે છે કે, અત્રેની કચેરીમાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૯ હેઠળ સુચિત શિવ દ્રષ્ટી મજુર અને કામદારોની સહકરી મંડળી લી. ઠે.૧/૮૨૬, અથ્થુગર મહોલ્લો, નાનપુરી, સુરતની નોંધણીની દરખાસ્ત અત્રેની કચેરીમાં તા.૧૪/૧૦/૨૦૨૫ ના રોજ મળેલ છે. સદર સુરત મહાનગરપાલિકામાં આવેલ તમામ વિસ્તાર પુરતું તથા સુડામાં આવેલ તમામ વિસ્તાર અને સુરત જિલ્લો, નવસારી જિલ્લો, વલસાડ જિલ્લો, તાપી જિલ્લો, ભરૂચ જિલ્લો, ગીર સોમનાથ જિલ્લો અને અમરેલી જિલ્લાઓનો સમાવેશ કરેલ છે. જેથી આ મંડળીની નોંધણી અંગે આ વિસ્તારમાં આવેલ આવા પ્રકારની મંડળીઓ અગર લાગતા વળગતા પૈકી જેમને પણ વાંધો હોય તેઓએ આ નોટીસ મળ્યેથી દિન-૧૦ માં લેખિત કારણો સહિત નીચે સહી કરનારને રજુઆત કરવા જણાવવામાં આવે છે. સમય મર્યાદામાં સુચિત મંડળીની નોંધણી બાબતે કોઈ રજુઆત કરવામાં નહી આવે તો સુચિત મંડળીની નોંધણી સામે કોઈ રજુઆત નથી. તેમ માની કેસના ગુણદોષના આધારે નિયમોનુસાર કાર્યવાહી કરવામા આવશે. જેની સર્વએ નોંધ લેવી.

આજ રોજ તા. ૧૫/૧૦/૨૦૨૫ ના રોજ નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કર્યું.

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરતની કચેરી,
"એ" બ્લોક, જિલ્લા સેવા સદન - ૨, અઠવા લાઈન્સ,
સુરત - ૩૯૫૦૦૧ ફોન નં. ૦૨૬૧-૨૬૬૫૦૫૧

સહી
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સુરત



**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૨૬૯/૨૦૨૫

અરજદાર : શ્રી ધનજીભાઈ ભાયાભાઈ પરમાર
સરનામુ : મું.રોહીસા તા.જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - રોહીસા
મું.રોહીસા તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના રોહીસા** ગામના **શ્રી ધનજીભાઈ ભાયાભાઈ પરમાર** એ તેમના **પોતાના નામે શ્રી ધનજીભાઈ ભાયાભાઈ પરમાર નો જન્મ** તા.૦૧/૦૩/૧૯૭૪ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.આર.મહિડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૬ માહે. સપ્ટેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૨૬/૦૯/૨૦૨૫

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**તંત્રી લેખ**

# google નો મેગા પ્રોજેક્ટ ભારતમાં

ભારતીય લોકોની ટેકનોલોજીકલ ક્ષમતા ઉપર google જેવી કંપનીઓને વિશ્વાસ છે અને એટલે જ તે ભારતમાં જબરજસ્ત રોકાણનું આયોજન કરે છે. અમેરિકન પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પના ભારત વિરોધી વલણની સામે ચાલીને આ કંપની ભારતમાં આવી રહી છે જે આપણી સૌથી મોટી જીત છે. ભારત હવે વિશ્વના ડિજિટલ ક્ષેત્રમાં કેન્દ્રસ્થાન બનવા તરફ આગળ વધી રહ્યું છે, અને આ દિશામાં સૌથી મોટું પગલું એટલે Google દ્વારા જાહેર કરાયેલ ૧૫ અબજ અમેરિકી ડોલરનું રોકાણ છે. આ રોકાણ દક્ષિણ ભારતના આંધ્ર પ્રદેશ રાજ્યના વિશાખાપટ્ટનમ શહેરમાં એક અતિ આધુનિક AI આધારિત ડેટા સેન્ટર હબ માટે કરવામાં આવી રહ્યું છે. આ સેન્ટર ભારતને વૈશ્વિક સ્તરે ટેક્નોલોજી અને માહિતી સંસ્કૃતિના નકશા પર વધુ પ્રભાવશાળી રીતે સ્થાન આપશે વિશાખાપટ્ટનમમાં નિર્માણ પામતું આ ડેટા સેન્ટર શરૂઆતમાં ૧ ગિગાવોટ ક્ષમતા સાથે કાર્યરત થશે. આગામી પાંચ વર્ષમાં તેને ‘‘મલ્ટિ-ગિગાવોટ’’ સ્તરે વિસ્તૃત કરવાનો Googleનો સ્પષ્ટ ધ્યેય છે. આ સુવિધા માત્ર ક્લાઉડ ડેટા સ્ટોરેજ માટે નહીં, પરંતુ ગુગલના સંપૂર્ણ AI ઈકોસિસ્ટમ – ડિપ લર્નિંગ, ભાષા મોડેલિંગ અને ઉચ્ચ ક્ષમતા ધરાવતા કમ્પ્યુટિંગ માટેની મુખ્ય ધરી તરીકે કામ કરશે. આ પ્રોજેક્ટ સાથે અદ્યતન ઈન્ટરનેશનલ સબસી ગેટવે કેબલ સિસ્ટમ પણ વિકસાવવામાં આવશે, જે ભારતને વૈશ્વિક ઈન્ટરનેટ નેટવર્ક સાથે અતિ ઝડપી રીતે જોડશે. એ ઉપરાંત, દેશમાં ફાઈબર-ઓપ્ટિક નેટવર્કને વધુ મજબૂત બનાવશે જેથી AI આધારિત સેવાઓ સતત, ઝડપી અને સુરક્ષિત રૂપે કાર્ય કરી શકે. આ પ્રોજેક્ટ Googleની ભારતીય સહાયક કંપની Raiden Infotech Pvt. Ltd. દ્વારા આગળ ધપાવવામાં આવી રહ્યો છે. Googleએ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને નેટવર્ક સપોર્ટ માટે Adani Group અને Airtel જેવી ભારતીય ઔદ્યોગિક સંસ્થાઓ સાથે સહયોગ કર્યો છે. આ ભાગીદારી ‘‘Make in India’’ વિઝન સાથે સુમેળ ધરાવે છે અને સ્થાનિક રોજગાર તેમજ તકનીકી કુશળતા વિકાસમાં નવો ઉછાળો લાવશે. Google દ્વારા જાહેર કરાયેલ આ રોકાણ ૨૦૨૬ થી ૨૦૩૦ વચ્ચે પાંચ વર્ષના તબક્કાવાર સ્વરૂપમાં અમલમાં આવશે. આ સમયગાળામાં કંપની ‘‘AI First Bharat’’ યોજના અંતર્ગત દેશના ઉદ્યોગો, આરોગ્ય, શિક્ષણ, કૃષિ અને સરકારી સેવાઓને બુદ્ધિશાળી ટેક્નોલોજીથી આધુનિક બનાવવા પર ધ્યાન આપશે. Alphabet ના CEO સુંદર પિચાઈ અનુસાર આ રોકાણ ભારત માટે ‘‘AI-પ્રેરિત અર્થતંત્ર’’ની પાયાની ધરી છે, જેનાથી નાના ઉદ્યોગોથી લઈ સ્ટાર્ટઅપ્સ સુધી તમામને વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરવાની શક્તિ મળશે. આ પ્રોજેક્ટ હજારો સીધી નોકરીઓ ઉત્પન્ન કરશે. ખાસ કરીને ટેક્નિકલ સપોર્ટ, ડેટા એન્જિનિયરિંગ અને મેન્ટેનન્સ ક્ષેત્રોમાં. સાથે સાથે વિઝાગ તથા આસપાસના વિસ્તારોમાં પરિવહન, ઈલેક્ટ્રિક અને એનર્જી ઉદ્યોગને પણ નવી તક મળશે. આ રોકાણ રાજ્યના અર્થતંત્રમાં મોટા પ્રમાણમાં રાજસ્વ પ્રવાહ લાવશે અને ભારતના ડિજિટલ ક્ષેત્રના GDP યોગદાનને વધારશે. આ નવું હબ પરંપરાગત ડેટા સેન્ટરથી અલગ છે કારણ કે તેમાં GPU અને TPU ક્લસ્ટરો સાથે હાઈ-પરફોર્મન્સ કમ્પ્યુટિંગ મોડેલ લાગુ કરવામાં આવશે. આ માળખું વિશાળા ડેટા મોડેલ ટ્રેનિંગ, ન્યુરલ નેટવર્ક પ્રોસેસિંગ અને ક્લાઉડ AI સર્વિસિસ માટે ખાસ રીતે અનુકૂળ છે. હૈદરાબાદ, બેંગલુરુ અને મુંબઈ જેવા મુખ્ય ઔદ્યોગિક કેન્દ્રો સાથે હાઈ-સ્પીડ ડાટા કનેક્ટિવિટી સુનિશ્ચિત કરવામાં આવશે જેથી સમગ્ર દેશના ક્લાઉડ ઉપયોગકર્તાઓને ઓછા વિલંબ સાથે તકો મળી રહે.

# દુર્લભ ખનીજમાં ચીનની જેમ ભારત પણ નંબર વન બની શકે તેમ છે


**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**



દુર્લભ ખનીજો આધુનિક ટેકનોલોજીનો પાયો છે. અને વૈશ્વિક શક્તિનો સ્ત્રોત આ ખનીજ છે. આ દુર્લભ ખનીજો, જેને આપણે 'રેર અર્થ એલિમેન્ટ્સ' તરીકે પણ ઓળખીએ છીએ, તે હકીકતમાં પૃથ્વીના પોપડામાં પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે, પરંતુ તેમને શુદ્ધ સ્વરૂપમાં કાઢવા અને પ્રક્રિયા કરવી અત્યંત મુશ્કેલ અને ખર્ચાળ છે. આ ૧૭ તત્વોનો સમૂહ છે, જેમાં સ્કેન્ડિયમ (Scandium) અને યટ્રિયમ (Yttrium) સહિત લેન્થેનાઈડ શ્રેણીના ૧૫ તત્વોનો સમાવેશ થાય છે. તેમના નામથી વિપરીત, આ ખનીજો દુર્લભ નથી, પરંતુ તેમને મોટા જથ્થામાં અને આર્થિક રીતે રીતે શોધવા મુશ્કેલ છે. ભાવનગરના દરિયાકાંઠાના કિનારે લાલ માટી મોટા પ્રમાણમાં છે. બેન્ટોન નાઈટ છે, લીગ્નાઈટ છે. આ લાલ માટીમાં લોહતત્વ હોય છે જેમાંથી આધુનિક ખનીજોના તત્વને સેપરેટ કરી શકાય, તેનું સંશોધન થઈ શકે. ફેરસ મેટલ એટલે કે લોહતત્વોના ખનીજો જ્યાં નીકળે છે તે જગ્યાએ ઓછા-વત્તા પ્રમાણમાં આ ખનીજો હોઈ શકે છે. આ ખનીજોના અનોખા ચુંબકીય, ઉત્પ્રેરક અને ઈલેક્ટ્રોનિક ગુણધર્મોને કારણે, તે આધુનિક ટેકનોલોજી માટે આવશ્યક બની ગયા છે. આ ખનીજો વિના આપણી આજની ઘણી તકનીકો કાર્ય કરી શકે તેમ નથી. દુર્લભ ખનીજોનો અસાધારણ ઉપયોગઃ આ દુર્લભ ખનીજોનો ઉપયોગ એટલો વ્યાપક છે કે તે સંરક્ષણ, ઊર્જા અને ગ્રાહક ઈલેક્ટ્રોનિક્સ જેવા દરેક વ્યૂહાત્મક ક્ષેત્રનો પાયો છે. સૌથી મહત્ત્વનો ઉપયોગ ઉચ્ચ-શક્તિશાળી મેગ્નેટ બનાવવામાં થાય છે, જે ઈલેક્ટ્રિક વાહનો (EVs)ની મોટર્સ, પવન ઉર્જા ટર્બાઈન, ફાઈટર જેટ અને મિસાઈલ ગાઈડન્સ સિસ્ટમ્સ માટે અનિવાર્ય છે. ઉદાહરણ તરીકે, નિયોડાઈમિયમ (Neodymium) અને પ્રેસિયોડાઈમિયમ (Praseodymium) જેવા તત્વોનો ઉપયોગ આ શક્તિશાળી મેગ્નેટમાં થાય છે. આ ઉપરાંત, આ ખનીજોનો ઉપયોગ નીચે મુજબના ક્ષેત્રોમાં થાય છેઃ ગ્રાહક ઈલેક્ટ્રોનિક્સ સ્માર્ટફોન, લેપટોપ, ટેબ્લેટ અને LED સ્ક્રીન (જેમાં યુરોપિયમ (Europium) અને યટ્રિયમનો ઉપયોગ થાય છે). સંરક્ષણ ઉદ્યોગમાં પણ તેનો વ્યાપક ઉપયોગ થાય છે. ખાસ કરીને નાઈટ વિઝન ગોગલ્સ, લેસર, સંચાર ઉપકરણો અને સચોટ-માર્ગદર્શિત શસ્ત્રોમાં તેનો ઉપયોગ કરવામાં આવે છે. ઊર્જા ક્ષેત્ર આંખની જેમ પાયાની ભૂમિકા ભજવે છે. ઓઈલ રિફાઈનિંગ માટેના ઉત્પ્રેરકો, સૌર પેનલ્સ અને ઈંધણ કોષો (Fuel Cells). ભારતમાં દુર્લભ ખનીજોની સ્થિતિ મજબૂત છે. ભારત પાસે દુર્લભ ખનીજોનો વિશાળ ભંડાર છે. આ ભંડાર મુખ્યત્વે મોનાઝાઈટ રેતીના રૂપમાં જોવા મળે છે, ખાસ કરીને કેરળ, ઓડિશા અને તમિલનાડુના દરિયાકિનારાના વિસ્તારોમાં. એક અંદાજ મુજબ, ભારત પાસે વિશ્વના પાંચ ટકાથી વધુ દુર્લભ ખનીજોનો ભંડાર છે. જોકે, પડકાર તેમના ખનન અને પ્રોસેસિંગમાં રહેલો છે. ચીન વિશ્વના લગભગ ૯૦% પ્રોસેસિંગ પર નિયંત્રણ ધરાવે છે. ભારત પાસે ખનીજોનો ભંડાર હોવા છતાં, અદ્યતન પ્રોસેસિંગ તકનીકો અને પર્યાવરણીય નિયંત્રણોને કારણે ભારત હજુ પણ તેમની શુદ્ધિકરણની ક્ષમતા વધારવા માટે સંઘર્ષ કરી રહ્યું છે. જોકે, ભારત સરકારે આ ક્ષેત્રમાં સ્વદેશી ઉત્પાદન વધારવા અને આંતરરાષ્ટ્રીય ભાગીદારી દ્વારા આયાત પરની નિર્ભરતા ઘટાડવા માટે પ્રયાસો શરૂ કર્યા છે. તાજેતરમાં, ભારત અમેરિકાની આગેવાની હેઠળની મિનરલ્સ સિક્યોરિટી પાર્ટનરશિપ (MSP) માં જોડાયું છે, જે વૈશ્વિક સ્તરે પુરવઠા શ્રૃંખલાના વૈવિધ્યીકરણની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ દુર્લભ ખનીજોમાં ચીનનું વર્ચસ્વ અત્યારે સૌથી વધુ છે. વૈશ્વિક પુરવઠામાં ચીનનો સિંહફાળો છે. આ બાબતમાં અમેરિકા પણ પડકારી શકે તેમ નથી. દરેક દેશ પાસે આ ખનીજો છે પરંતુ તેની પ્રોસેસિંગ ટેકનોલોજી નથી જે ચીન પાસે છે. ભારત ધારે તો ચીનને હંફાવી શકે તેમ છે. ચીને છેલ્લા કેટલાક દાયકાઓમાં દુર્લભ ખનીજોના ખનન અને પ્રોસેસિંગ ઉદ્યોગ પર લગભગ સંપૂર્ણ વર્ચસ્વ સ્થાપિત કર્યું છે. આ વર્ચસ્વનું કારણ સસ્તા શ્રમ, સરકારી સબસિડી અને પર્યાવરણીય નિયમોમાં છૂટછાટ હતી, જેના કારણે અન્ય દેશોની કંપનીઓ સ્પર્ધામાં ટકી શકી નહીં. આજે, ચીન વિશ્વમાં દુર્લભ ખનીજોના સપ્લાય અને પ્રોસેસિંગનું મુખ્ય કેન્દ્ર છે, જે તેને ભૌગોલિક-રાજકીય લાભ પૂરો પાડે છે. તાજેતરમાં, ચીને તેના વિદેશી સૈન્ય સંબંધો ધરાવતી કંપનીઓ પર રેર અર્થ એલિમેન્ટ્સની નિકાસ પર કડક નિયંત્રણો જાહેર કર્યા છે. ચીનનો આ નિર્ણય વૈશ્વિક પુરવઠા શ્રુંખલા માટે ગંભીર ખતરો ઊભો કરે છે. આ નિયંત્રણોને કારણે, અમેરિકા અને તેના પશ્ચિમી સહયોગી દેશોને ચિંતા છે કે ચીન આ ખનીજોનો ઉપયોગ આર્થિક હથિયાર તરીકે કરી શકે છે, સ્કોટ બેસેન્ટે સ્પષ્ટ કર્યું કે અમેરિકા આ સમસ્યાનો સામનો એકલા નહીં કરે. તેણે જણાવ્યું કે તેઓને ભારત અને યુરોપીય દેશો તરફથી આ સંઘર્ષમાં સમર્થનની અપેક્ષા છે. આ વ્યૂહરચનાનો હેતુ ચીન વિરુદ્ધ સંયુક્ત મોરચો બનાવવાનો છે, જેથી ચીનના નિકાસ પ્રતિબંધોને અસરકારક રીતે રોકી શકાય અને વૈશ્વિક બજારને સુરક્ષિત કરી શકાય. અમેરિકા આ સમસ્યાને "ચીન વિરુદ્ધ વિશ્વ" (China versus the world) તરીકે રજૂ કરીને, તેના સહયોગીઓને સાથે લાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ વૈશ્વિક એકતા દ્વારા, અમેરિકા દુર્લભ ખનીજોની પુરવઠા શ્રુંખલાને વૈવિધ્યીકૃત કરવા માંગે છે. આ વૈવિધ્યીકરણમાં આ ખનીજોના ઉત્પાદન અને પ્રોસેસિંગ માટે ચીન સિવાયના અન્ય સ્ત્રોતો જેમ કે ઓસ્ટ્રેલિયા, કેનેડા, આફ્રિકન દેશો અને ખાસ કરીને ભારતનો સમાવેશ થાય છે. ભારત તેના વિશાળ ખનીજ ભંડાર અને વધતી જતી આર્થિક તથા રાજકીય તાકાતને કારણે આ વ્યૂહરચનામાં મુખ્ય ભાગીદાર બની શકે છે. અમેરિકાએ તેના સાથીઓ સાથે મળીને નિકાસ નિયંત્રણોના વળતા પગલાં પર સંકલન કરવાનું શરૂ કરી દીધું છે. આ પગલાંમાં ચીન પાસેથી આયાત થતી વસ્તુઓ પર વધારાના ઊંચા ટેરિફ લગાવવાની ધમકીનો પણ સમાવેશ થાય છે. અમેરિકાનો આગ્રહ છે કે તે "ડિ-કપલિંગ" (સંપૂર્ણપણે અલગ થવું) કરવાને બદલે "ડિ-રિસ્કિંગ"(જોખમ ઘટાડવું) કરવા માંગે છે, જેનો અર્થ છે કે તે ચીન પરની આર્થિક નિર્ભરતા ઘટાડવા અને પુરવઠા શ્રુંખલાને વધુ સુરક્ષિત બનાવવા માંગે છે. આ માટે, અમેરિકા ભારત અને યુરોપીય લોકશાહી દેશો સાથે મળીને આ નિર્ણાયક સંસાધનો પરની ચીનની પકડ ઢીલી કરવા માટે કટિબદ્ધ છે. આ પરિસ્થિતિ આંતરરાષ્ટ્રીય વેપાર સંબંધો અને રાજકીય ગઠબંધનોને નવું સ્વરૂપ આપી રહી છે, જેમાં ભારતની ભૂમિકા નિર્ણાયક સાબિત થઈ શકે છે. પરંતુ અમેરિકાનું વલણ ભારત સહિતના વિશ્વના અન્ય દેશો સાથે ખૂબ જ તોછડાઈ ભર્યું રહ્યું છે. તેઓ હંમેશા ધમકીની ભાષામાં જ વાત કરે છે. આથી તેને બ્રિકના દેશોનું સમર્થન કોઈ સંજોગોમાં મળી શકે તેમ નથી. ખાસ કરીને ભારત જેવા દેશો પર સો ટકા ટેરિફ લાદવાની ધમકીથી નુકસાન ભારતને નહીં અમેરિકાને થઈ રહ્યું છે. કારણ કે google જેવી કંપની પણ ભારતમાં મોટું રોકાણ કરી રહી છે તો બીજી બાજુ અમેરિકાની સૌથી મોટી મોટર નિર્માતા કંપનીએ પણ ભારતમાં મુંબઈ અને દિલ્હીમાં શોરૂમ ખોલી નાખ્યા છે. એ આપણા માટે ગૌરવની વાત છે.

**કોઈપણ ઈલેક્ટ્રીક વાહનમાં પાવર જનરેટ કરવા માટે હબ મોટર હોય છે અને હબ મોટરમાં જે મેગ્નેટની ચિપ્સ વપરાય છે તેની મોનોપોલી માત્ર ચીન પાસે છે. અમેરિકા પણ તેમાં ટૂંકું પડે છે. અમેરિકા ચીનની ઇજારાશાહીને તોડવા માંગે છે. આ ખનીજ આપણા દેશમાં પણ માની ન શકાય તેટલા મોટા જથ્થામાં છે પરંતુ તેની પ્રોસેસિંગની ટેકનોલોજી આપણી પાસે નથી તે હકીકત છે.**

## શબ્દ સંજોગ-૨૦૮૭




**આડી ચાવી :**
(૧) જીવન નિર્વાહ પેટે બાંધી આપેલી રકમ કે જમીન-ગરાસ (૩)
(૩) મજબૂત પ્રયત્ન (૩)
(૬) જ્ઞાતિ, જાત (૨)
(૭) ધક્કો, આઘાત (૨)
(૮) જય....... જય કિસાન (૩)
(૧૧) લક્ષમાં લેવા જોગ (૪)
(૧૩) તરંગ, ફાંટો (૧)
(૧૪) એક વિદેશી દારૂ (૨)
(૧૬) એક જાતનું પક્ષી (૨)
(૧૮) ઉમદા જાતની ઘોડી (૩)
(૧૯) સદ્‌ભાવ, આદર (૨)
(૨૧) જોખવાનું બે પલ્લાંવાળું સાધન, ત્રાજૂડું (૩)
(૨૨) પોષ સુદ-એકાદશી (૩)
(૨૩) કરશણ કાપીને સુકાવા માટે કરેલા નાના ઢગલા (૨)
(૨૪) શરીર, દેહ (૨)
(૨૬) બાધા,આખડી (૩)
(૨૯) વાણી, બોલી (૨)
(૩૦) વતન, રહેઠાણ (૨)
(૩૨) શહેર (૩)
(૩૩) ભયાનક, તુમુલ (૩)

**ઉભી ચાવી :**
(૧) વ્યભિચાર (૨)
(૨) પવન (૨)
(૩) મોજાું, તરંગ (૩)
(૪) જમીનની માપણી (૩)
(૫) ગુરુ વિના..... ન લાધે (૨)
(૯) વિચિત્ર સ્વભાવની કે હઠીલી સ્ત્રી (૩)
(૧૦) કંપવું, ધ્રુજવું (૪)
(૧૨) એક ક્ષણ સુધી, જરાક જ વાર (૪)
(૧૫) ચાળીસ સેરનું તોલ (૨)
(૧૭) ઢોર બકરાં ચરતાં હોય તે સ્થળ (૩)
(૧૮) બાણનું પીછું (૨)
(૨૦) લીધેલું પાછું ન આપનાર (૩)
(૨૧) એક વનસ્પતિ-વેલ (૪)
(૨૨) સાબિત (૪)
(૨૫) ઢોલ (૩)
(૨૭) પર્વત (૨)
(૨૮) સતતતા, એકધારી પરંપરા (૨)
(૩૧) કીડીને કણ, હાથીને ...... (૨)

## શબ્દ સંજોગ-૨૦૮૬ જવાબ

**આડી ચાવીઃ** (૧) તરભેટ (૪) તાલીમ (૬) કોદરી (૭) જાલ (૮) અતડું (૧૦) ફરાક (૧૨) ગરાસ (૧૫) લહેર (૧૭) રફત (૧૮) રાહ (૧૯) ખાસ (૨૦) કાશી (૨૧) ઈબાદત (૨૩) ખટ (૨૫) બલા (૨૬) હાર (૨૭) નખી (૨૮) અરસપરસ.
**ઉભી ચાવીઃ** (૧) રક્ષિત (૩) ટકો (૪) તારીફ (૫) મજાક (૮) અમલ (૯) ડુંગર (૧૧) રાગ (૧૩) સરસ (૧૪) ગૃહ (૧૬) હેડંબા (૧૮) રાશી (૧૯) ખાત (૨૦) કાટ (૨૧) ઈમાન (૨૨) દર્ભ (૨૩) ખલાસ (૨૪) તરસ (૨૫) બર (૨૬) હાર.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૨૧૧ | ૧૫૩૫ |
| ઘઉં લોકવન | ૫૧૬ | ૫૪૨ |
| ઘઉં ટુકડા | ૫૧૫ | ૬૬૦ |
| બાજરી | ૩૫૦ | ૩૯૧ |
| તુવેર | ૯૦૦ | ૧૩૬૩ |
| ચણા પીળા | ૯૧૦ | ૧૧૧૦ |
| ચણા સફેદ | ૧૨૪૦ | ૧૯૫૦ |
| અડદ | ૯૨૦ | ૧૫૫૦ |
| મગ | ૯૮૫ | ૧૫૪૫ |
| ચોળી | ૮૪૦ | ૧૨૯૦ |
| વટાણા | ૯૦૦ | ૯૦૦ |
| રાજમા | ૮૫૦ | ૧૨૦૦ |
| સીંગદાણા | ૧૨૧૦ | ૧૪૧૦ |
| મગફળી જાડી | ૭૩૧ | ૧૨૨૧ |
| મગફળી જીણી | ૭૧૧ | ૧૧૩૮ |
| તલી | ૧૪૦૦ | ૧૮૯૦ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૭૭ |
| અજમો | ૮૫૦ | ૧૪૯૦ |
| સુવા | ૧૦૫૦ | ૧૧૦૦ |
| સોયાબીન | ૭૯૦ | ૮૩૫ |
| સીંગફાડા | ૯૫૦ | ૧૩૦૦ |
| કાળા તલ | ૩૧૦૦ | ૪૧૭૫ |
| લસણ | ૪૦૦ | ૧૨૦૦ |
| ધાણા | ૧૩૨૫ | ૧૪૩૫ |
| ધાણી | ૧૩૦૦ | ૧૫૪૫ |
| વરીયાળી | ૮૦૦ | ૧૪૦૦ |
| જીરૂ | ૩૧૫૦ | ૩૪૫૦ |
| રાય | ૧૩૦૦ | ૧૬૯૦ |
| મેથી | ૯૫૦ | ૧૨૭૦ |
| ઇસબગુલ | ૧૧૦૦ | ૧૩૮૦ |
| કલોંજી | ૪૧૦૦ | ૪૬૩૫ |
| રાયડો | ૧૦૨૫ | ૧૨૨૫ |
| રજકાનું બી | ૫૯૦૦ | ૭૭૫૦ |
| ગુવારનું બી | ૮૬૦ | ૯૦૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૫૨૩ | ૧૧૪૬ |
| પપૈયા | ૮૧ | ૧૨૯ |
| બટેટા | ૧૮૭ | ૪૪૯ |
| ડુંગળી સુકી | ૪૦ | ૨૫૦ |
| ટમેટા | ૩૨૫ | ૬૦૯ |
| સુરણ | ૭૫૩ | ૯૧૯ |
| કોથમરી | ૨૦૨૯ | ૨૮૧૯ |
| મુળા | ૨૫૩ | ૪૦૭ |
| રીંગણા | ૪૪૩ | ૬૪૭ |
| કોબીજ | ૧૪૧ | ૩૪૮ |
| ફ્લાવર | ૫૧૦ | ૭૨૩ |
| ભીંડો | ૪૨૯ | ૬૫૭ |
| ગુવાર | ૭૪૮ | ૧૭૮૭ |
| ચોળાસીંગ | ૩૪૧ | ૭૦૯ |
| વાલોળ | ૫૬૧ | ૮૬૯ |
| ટીંડોરા | ૬૧૪ | ૯૨૬ |
| દુધી | ૨૫૮ | ૫૨૭ |
| કારેલા | ૪૪૩ | ૬૧૧ |
| સરગવો | ૧૪૮૪ | ૨૦૩૭ |
| તુરીયા | ૫૨૩ | ૭૦૫ |
| પરવર | ૯૪૨ | ૧૧૪૧ |

| | | |
|---|---|---|
| કાકડી | ૨૮૩ | ૭૪૯ |
| ગાજર | ૩૯૩ | ૬૧૧ |
| ગલકા | ૩૮૧ | ૫૮૭ |
| બીટ | ૩૫૩ | ૫૬૫ |
| મેથી | ૧૧૦૭ | ૧૪૨૧ |
| વાલ | ૭૦૩ | ૧૦૧૪ |
| ડુંગળી લીલી | ૩૧૧ | ૫૦૯ |
| આદુ | ૯૬૧ | ૧૩૨૮ |
| મરચા લીલા | ૩૩૧ | ૧૦૨૬ |
| હળદર લીલી | ૬૨૩ | ૮૪૭ |
| લસણ લીલું | ૧૬૧૩ | ૨૦૨૯ |
| મગફળી લીલી | ૨૯૧ | ૬૦૩ |
| મકાઇ લીલી | ૧૮૩ | ૩૧૫ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૪૭૬ |
| ઘઉં લોકવન | ૫૧૦ | ૫૬૬ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૯૨ |
| સિંગદાણા જાડા | ૯૦૦ | ૧૨૬૧ |
| સિંગ ફાડીયા | ૭૫૧ | ૧૨૫૧ |
| તલ કાળા | ૧૨૦૧ | ૪૧૭૬ |
| જીરૂ | ૨૫૫૧ | ૩૫૨૧ |
| વરીયાળી | ૭૪૧ | ૭૪૧ |
| ધાણા | ૮૦૦ | ૧૪૯૬ |
| ડુંગળી લાલ | ૫૦ | ૨૭૧ |
| અડદ | ૧૧૦૧ | ૧૩૪૧ |
| તુવેર | ૧૦૧૧ | ૧૩૪૧ |
| રાજગરો | ૭૪૧ | ૭૪૧ |
| રાય | ૧૪૦૧ | ૧૫૭૧ |
| મેથી | ૪૬૧ | ૯૬૧ |
| કાંગ | ૨૩૧ | ૫૩૧ |
| સફેદ ચણા | ૧૦૮૧ | ૨૦૩૧ |
| ઇસબગુલ | ૭૦૧ | ૧૫૭૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૫૨૧ |
| બાજરો | ૩૦૧ | ૪૧૧ |
| જુવાર | ૫૦૧ | ૭૫૧ |
| મકાઇ | ૪૦૧ | ૫૧૧ |
| મગ | ૧૧૬૧ | ૧૫૭૧ |
| ચણા | ૯૭૬ | ૧૧૨૧ |
| વાલ | ૪૦૧ | ૯૦૧ |
| ચોળા / ચોળી | ૭૦૧ | ૯૯૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૪૧ |
| ગોગળી | ૬૦૦ | ૮૩૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૬૮૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૬૦ | ૩૦૦ |
| દુધી | ૩૦૦ | ૭૦૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૮૦૦ |
| કાકડી | ૨૦૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૬૬૦ |
| ગાજર | ૧૬૦ | ૯૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| વાલ | ૫૦૦ | ૧૪૦૦ |

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૯૮૦ | ૨૦૦૦ |
| બટેટા | ૨૫૦ | ૩૫૦ |
| આંબળા | ૮૦૦ | ૧૪૦૦ |
| લીલી હળદર | ૩૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૮ |
| તાંજરીયા પુરા | ૩ | ૮ |
| કોથમીર પુરા | ૩ | ૭ |
| મૂળા પુરા | ૫ | ૧૦ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| પચકારુ | ૨૦૦ | ૨૪૦ |
| ચ્રૂણ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ઘીસોડા | ૪૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૭૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૦ |
| બીટ પુરા | ૧૦ | ૧૫ |
| ચોરા | ૨૦૦ | ૧૨૦૦ |
| કારેલા | ૨૦૦ | ૮૦૦ |
| વાલોળ | ૫૦૦ | ૧૪૦૦ |
| મગફળી લીલી | ૬૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૨૦૦ |
| આદુ | ૬૦૦ | ૧૨૦૦ |
| લસણ પુરા | ૫ | ૧૦ |
| પાલક પુરા | ૨ | ૮ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૬૭૫ | ૯૬૬ |
| શીંગ ૬૬ | ૭૪૬ | ૭૪૬ |
| શીંગ ગીરનારી | ૮૫૦ | ૧૦૨૫ |
| શીંગ મોટી | ૬૩૦ | ૧૧૧૬ |
| શિંગ દાણા | ૭૦૦ | ૯૬૦ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૨૫૭૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૪૪૫૦ |
| તલ કશ્મીરી | ૧૮૦૦ | ૨૦૨૧ |
| બાજરો | ૩૪૧ | ૩૪૧ |
| જુવાર | ૪૫૧ | ૬૫૦ |
| ઘઉં ટુકડા | ૪૬૬ | ૫૮૩ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૫૪ |
| મગ | ૭૫૦ | ૧૬૫૧ |
| અડદ | ૮૫૦ | ૧૩૭૦ |
| ચણા | ૭૮૦ | ૧૧૨૨ |
| ચણા દેશી | ૧૦૮૨ | ૧૦૮૨ |
| સફેદ ચણા | ૧૦૦૦ | ૧૦૪૪ |
| તુવેર | ૧૧૮૧ | ૧૨૭૫ |
| કપાસ | ૮૩૦ | ૧૪૯૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૪૭ |
| જીરૂ | ૨૭૦૦ | ૩૩૦૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૩૯૦ |
| મેથી | ૬૦૦ | ૭૫૫ |
| સોયાબીન | ૫૫૫ | ૮૪૪ |
| રજકાનું બી | ૩૦૦૦ | ૮૨૭૫ |
| કાંગ | ૪૧૬ | ૪૫૫ |
| **અમરેલી શાકભાજી** | | |
| બટેટા | ૨૮૦ | ૩૬૦ |
| રીંગણા | ૨૫૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૮૦૦ | ૧૦૪૦ |
| કોબીજ | ૧૦૦ | ૩૨૦ |
| શકકરીયા | ૬૨૦ | ૮૩૦ |

| | | |
|---|---|---|
| ટમેટા | ૪૫૦ | ૫૨૦ |
| સુરણ | ૭૦૦ | ૯૦૦ |
| ગાજર | ૬૦૦ | ૮૨૦ |
| દુધી | ૪૦૦ | ૬૦૦ |
| કારેલા | ૬૨૦ | ૮૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| મૂળા | ૨૦૦ | ૩૮૦ |
| કાકડી | ૨૨૦ | ૪૫૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૮૦૦ |
| વાલોળ | ૯૦૦ | ૧૨૪૦ |
| વાલ | ૯૫૦ | ૧૨૦૦ |
| ચોળા લીલા | ૬૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૮૨૦ | ૮૦૦ |
| આમળા | ૭૦૦ | ૮૦૦ |
| તુવેર | ૧૨૪૦ | ૧૬૦૦ |
| ભીંડો | ૬૪૦ | ૮૦૦ |
| હળદળ લીલી | ૮૨૦ | ૧૦૦૦ |
| આદુ | ૧૨૦૦ | ૧૩૪૦ |
| કોથમીર | ૧૫૦૦ | ૨૫૦૦ |
| મેથીભાજી | ૮૦૦ | ૧૦૦૦ |
| ફોદીનો | ૮૦૦ | ૯૧૦ |
| ટીંડોરા | ૮૨૦ | ૯૮૦ |
| બીટ | ૫૫૦ | ૬૮૦ |
| ચીભડા | ૬૫૦ | ૭૦૦ |
| સરગવો | ૧૨૦૦ | ૧૬૦૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૩૦૦ |
| મરચાં લીલાં | ૪૮૦ | ૮૮૦ |
| મરચાં લાલ | ૩૨૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૩૦૦ |
| લસણ લીલું | ૯૫૦ | ૧૨૫૦ |
| લસણ સુકું | ૬૦૦ | ૧૨૦૦ |
| મકાઈ | ૧૯૦ | ૩૨૦ |
| લીબુ | ૪૫૦ | ૮૦૦ |
| પાલક | ૮૦૦ | ૯૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૮૦૦ | ૧૦૫૧ |
| શીંગ મોટી | ૮૫૦ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૧૯૩૫ |
| તલ કાળા | ૩૨૦૦ | ૪૧૦૧ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૪૬૫ |
| કપાસ | ૧૩૫૦ | ૧૫૦૦ |
| ઘઉં લોકવન | ૫૨૫ | ૫૮૮ |
| ઘઉં ટુકડા | ૫૩૫ | ૫૯૧ |
| બાજરો | ૩૦૦ | ૪૮૦ |
| અડદ | ૮૦૦ | ૧૨૫૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૬૦ |
| તુવેર | ૯૩૦ | ૯૩૦ |
| એરંડી | ૧૨૨૮ | ૧૨૨૮ |
| સોયાબીન | ૬૫૦ | ૮૦૨ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૦૨૮ | ૧૫૦૫ |
| કપાસ સી ગ્રેડ | ૬૯૫ | ૯૮૫ |
| **ધારી** | | |
| કપાસ એ | ૧૩૫૧ | ૧૪૫૨ |
| મગફળી | ૬૨૧ | ૭૫૩ |
| મગફળી | ૬૨૦ | ૮૦૧ |

| | | |
|---|---|---|
| ઘઉં | ૫૦૧ | ૫૦૧ |
| ચણા | ૧૦૦૫ | ૧૦૦૫ |
| અડદ | ૮૦૦ | ૧૦૭૬ |
| ધાણા | ૮૪૫ | ૧૨૦૦ |
| શીંગદાણા | ૯૫૧ | ૧૨૦૦ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૩૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૭૮૧ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૪૮ |
| ઘઉં લોકવન | ૪૬૬ | ૫૫૨ |
| ઘઉં ટુકડા | ૪૫૧ | ૫૩૩ |
| ચણા | ૬૨૫ | ૧૦૪૦ |
| ચણા સફેદ | ૮૯૦ | ૯૦૦ |
| અડદ | ૭૫૫ | ૧૦૬૩ |
| મકાઈ | ૨૮૦ | ૨૯૦ |
| ધાણા | ૧૦૦૫ | ૧૨૬૦ |
| લસણ | ૩૦૫ | ૩૧૫ |
| સોયાબીન | ૬૫૫ | ૮૦૧ |
| તલ | ૧૨૩૫ | ૧૮૫૦ |
| શીંગદાણા | ૮૧૦ | ૯૯૦ |
| મગફળી | ૫૦૧ | ૭૫૫ |
| **બાબરા** | | |
| કપાસ શંકરનવો | ૧૨૫૦ | ૧૫૪૫ |
| કપાસ મીડીયમ | ૯૨૦ | ૧૨૪૦ |
| મગફળી | ૮૦૫ | ૧૦૧૫ |
| તલ સફેદ | ૧૪૨૫ | ૧૮૬૫ |
| તલ કાળા | ૨૫૦૫ | ૩૮૨૫ |
| સોયાબીન | ૭૪૫ | ૮૦૫ |
| ઘઉં | ૪૫૫ | ૫૪૫ |
| અડદ | ૯૧૫ | ૧૧૯૫ |
| મગ | ૯૩૦ | ૧૦૦૦ |
| ચણા | ૯૩૦ | ૧૦૦૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૬૫૦ | ૭૫૧ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૧૮૦૦ |
| તલ કાળા | ૨૮૦૧ | ૩૩૭૬ |
| કપાસ | ૮૦૦ | ૧૫૦૦ |
| બાજરો | ૩૭૦ | ૪૯૦ |
| ઘઉં ટુકડા | ૫૧૧ | ૫૭૭ |
| જુવાર | ૫૧૫ | ૮૦૦ |
| મગ | ૧૩૦૧ | ૧૪૦૧ |
| અડદ | ૮૫૦ | ૧૫૦૧ |
| ચણા | ૮૦૦ | ૧૦૦૦ |
| ધાણા | ૯૦૧ | ૯૦૧ |
| સોયાબીન | ૬૯૦ | ૭૫૧ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૯૦૧ | ૧૫૧૬ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૫ |
| ચણા | ૭૦૧ | ૧૦૫૬ |
| અડદ | ૮૦૧ | ૧૨૭૬ |
| મગફળી | ૫૦૧ | ૧૦૨૬ |
| સીંગફાડા | ૧૦૦૧ | ૧૧૦૧ |
| તલ સફેદ | ૧૦૦૧ | ૧૯૦૬ |
| ધાણા | ૧૦૦૧ | ૧૩૫૧ |
| સોયાબીન | ૬૫૧ | ૮૩૧ |
| **ખાંભા** | | |
| કપાસ નવો | ૧૨૦૬ | ૧૫૨૫ |

| | | |
|---|---|---|
| કપાસ કોડી | ૮૫૦ | ૧૦૦૨ |
| ચણા | ૧૦૫૦ | ૧૦૫૦ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| **મહુવા** | | |
| શીંગ ૬૬ | ૮૦૧ | ૧૫૬૧ |
| શીંગ ૩૯ | ૭૦૦ | ૧૦૩૪ |
| શીંગ ગીરનારી | ૭૯૮ | ૯૯૨ |
| શીંગ જી-૨૦ | ૭૩૧ | ૧૦૫૨ |
| જુવાર | ૪૦૦ | ૬૬૯ |
| બાજરી | ૩૮૧ | ૬૪૬ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૧૩ |
| મકાઈ | ૩૮૯ | ૩૮૯ |
| અડદ | ૭૦૦ | ૧૩૩૦ |
| મગ | ૮૬૦ | ૧૨૯૦ |
| સોયાબીન | ૬૦૨ | ૮૦૦ |
| ચણા | ૮૭૫ | ૧૦૬૩ |
| તલ સફેદ | ૧૨૨૦ | ૧૯૦૯ |
| તલ કાળા | ૨૩૦૦ | ૩૪૨૫ |
| ડુંગળી લાલ | ૬૩ | ૩૦૨ |
| ડુંગળી સફેદ | ૯૦ | ૨૬૨ |
| કપાસ શંકર | ૮૦૦ | ૧૫૫૦ |
| નાળીયેર | ૬૫૦ | ૩૨૦૬ |
| **કોડીનાર** | | |
| કપાસ (ડોળાસા) | ૯૦૦ | ૧૫૦૦ |
| મગફળી નવી | ૭૨૫ | ૧૨૦૧ |
| બાજરો | ૩૭૦ | ૫૩૫ |
| ઘઉં | ૪૫૦ | ૫૭૦ |
| અડદ | ૭૦૦ | ૧૩૯૮ |
| ચણા | ૯૦૫ | ૧૧૪૪ |
| તલ | ૧૦૦૦ | ૧૮૭૨ |
| કાળા તલ | ૨૨૦૦ | ૩૮૫૫ |
| સોયાબીન | ૬૦૦ | ૮૪૪ |
| **જામનગર** | | |
| જુવાર | ૫૦૦ | ૭૩૦ |
| બાજરો | ૩૩૫ | ૪૯૦ |
| ઘઉં | ૪૮૯ | ૫૪૦ |
| મગ | ૧૨૦૦ | ૧૩૮૦ |
| અડદ | ૯૦૦ | ૧૧૮૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૧૯ |
| સફેદ ચણા | ૧૦૦૦ | ૧૬૫૫ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૧૨૦ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૦૦૦ |
| મગફળી ૬૬ | ૯૦૦ | ૧૫૮૫ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૪૭ |
| તલ | ૫૦૦ | ૧૮૪૦ |
| તલ કાળા | ૧૦૦૦ | ૩૩૯૦ |
| લસણ | ૪૫૦ | ૯૫૦ |
| કપાસ | ૯૦૦ | ૧૪૭૫ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૪૦૫ |
| અજમો | ૬૬૦ | ૨૨૩૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૪૪૦ |
| ડુંગળી સુકી | ૫૦ | ૨૭૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૧૫ |
| રાજમા | ૧૦૦૦ | ૧૪૫૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

## અમરેલી જિલ્લાના ૬ પોલીસ સ્ટેશનમાં રક્તદાન કેમ્પ યોજાયો, પોલીસની અપીલથી મોટી સંખ્યામાં રક્તદાતાઓ ઉમટ્યા

# પોલીસ સંભારણા દિવસ નિમિત્તે એક જ દિવસમાં ૪૮૭ બોટલ રક્ત એકત્ર

અમરેલી,તા.૧૬

અમરેલી જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન ખાતે તા.૧૬, ૧૭ અને ૧૮ ઓક્ટોબરના રોજ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ બ્લડ ડોનેશન કેમ્પમાં રેડક્રોસ સોસાયટી, વેદ બ્લડ બેંક, શાંતાબા ગજેરા બ્લડ બેંક તથા નવકાર બ્લડ બેંકના સહયોગથી સમગ્ર બ્લડ ડોનેશન કેમ્પનું





આયોજન કરવામાં આવેલ છે. અમરેલી જિલ્લાના તમામ નાગરિકો, વિવિધ સંસ્થાના વડાઓ, રાજકીય આગેવાનો, તમામ પ્રતિષ્ઠિત વ્યક્તિઓ તથા મહાનુભાવોને આ બ્લડ ડોનેશન કેમ્પમાં જોડાવા અપીલ કરવામાં આવેલ છે. જિલ્લા તાલીમ કેન્દ્ર, પોલીસ હેડ ક્વાર્ટર, અમરેલી ખાતે હાજર રહી બ્લડ ડોનેટ કરી બ્લડ ડોનેશનનો વિધિવત આરંભ કરવામાં આવેલ છે. આ ઉપરાંત અમરેલી જિલ્લાના અમરેલી સીટી પોલીસ સ્ટેશન, લાઠી પોલીસ સ્ટેશન, લીલીયા પોલીસ સ્ટેશન, દામનગર પોલીસ સ્ટેશન, જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશન તથા રાજુલા પોલીસ સ્ટેશન ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. ગુરૂવારના રોજ કુલ ૪૮૭ બોટલ બ્લડ એકત્રિત કરવામાં આવેલ હતું. અમરેલી જિલ્લા પોલીસ દ્વારા અમરેલી જિલ્લાના તમામ નાગરિકોને આ પોલીસ સંભારણા દિવસ નિમિત્તે યોજાયેલ બ્લડ ડોનેશન કેમ્પમાં બહોળી સંખ્યામાં રક્તદાતાઓ ઉમટી પડે તેવી અપીલ કરવામાં આવી છે.

### આજે ૬ પોલીસ સ્ટેશન દ્વારા રક્તદાન કેમ્પ

શુક્રવારે ખાંભા પોલીસ સ્ટેશન, વડીયા પોલીસ સ્ટેશન, બગસરા પોલીસ સ્ટેશન, સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન, ડુંગર પોલીસ સ્ટેશન તથા નાગેશ્રી પોલીસ સ્ટેશન ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજવામાં આવનાર છે. શનિવારના રોજ ધારી પોલીસ સ્ટેશન, અમરેલી રૂરલ પોલીસ સ્ટેશન, ચલાલા પોલીસ સ્ટેશન, સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન, વંડા પોલીસ સ્ટેશન,જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશન તથા પીપાવાવ મરીન પોલીસ સ્ટેશન ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે.

## ઉના તાલુકાના કંસારીમાં ધારાસભ્યની ઉપસ્થિતિમાં રવિ કૃષિ મહોત્સવ યોજાયો

ઉના,તા.૧૬



ઉના તાલુકાના કંસારી ખાતે તાલુકા વહીવટી તંત્ર દ્વારા રવિ કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તાલુકા પંચાયત પ્રમુખ અતિથિ વિશેષ તરીકે હાજર રહ્યા હતા. આ ઉપરાંત, ઉનાના પ્રાંત અધિકારી કૌશિક પરમાર, મામલતદાર ભીમાણી, ટી.ડી.ઓ. ચાવડા અને ખેતીવાડી અધિકારી સહિત તાલુકાભરમાંથી મોટી સંખ્યામાં ખેડૂતોએ ભાગ લીધો હતો. ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કૃષિ મહોત્સવમાં ખેડૂતલક્ષી વિવિધ સહાય યોજનાઓના લાભ અને તે અંગેની વિસ્તૃત સમજ આપવામાં આવી. તજજ્ઞોએ ખેડૂતોને પાકના વાવેતર માટે કયો સમય અનુકૂળ છે તે વિશે વિગતવાર માહિતી આપી હતી.

## ધારી ખાતે તાલુકા કોંગ્રેસની મિટિંગમાં ભાજપ સરકાર પર આકરા પ્રહારો

અમરેલી,તા.૧૬



ધારી શહેરના લાઈનપરા ખાતે આવેલ પટેલ વાડીમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાતની અધ્યક્ષતામાં તાલુકા કોંગ્રેસ સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં કોંગી કાર્યકરો, માજી ધારાસભ્ય લલિતભાઈ વસોયા તેમજ ધારી-ખાંભાના આગેવાનો હાજર રહ્યા હતા. કોંગી આગેવાનોએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે ખેડૂતો અને નાગરિકો સાથે અન્યાય અને ભ્રષ્ટાચારના મુદ્દે રોષ વ્યક્ત કર્યો હતો. સુરેશભાઈ કોટડીયા અને રવીભાઈ હીરાણી સહિત ધારી તાલુકા કોંગ્રેસના તમામ હોદ્દેદારોએ હાજરી આપી હતી. પ્રતાપભાઈ દુધાતે કાર્યકરોને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાનમાં રાખીને અત્યારથી જ કામે લાગી જવા આહ્‌વાન કર્યું હતું.

**જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતે કાર્યકરોને સ્થાનિક ચૂંટણીના કામે લાગી જવા હાકલ કરી**

## મોંઘીબા મહિલા કોલેજની વિદ્યાર્થિની રાધિકા સરપદડીયાની NSS કેમ્પ માટે પસંદગી

અમરેલી,તા.૧૬

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ, અમરેલીની વિદ્યાર્થિની સરપદડીયા રાધિકા વિષ્ણુભાઈની NSS RD અમદાવાદ દ્વારા આયોજિત થનારા પશ્ચિમ ઝોન PRE RD કેમ્પમાં ભાગ લેવા માટે ગૌરવભેર પસંદગી કરવામાં આવી છે.

આ NSS PRE RD શિબિર તા. ૩૧ ઓક્ટોબરથી ૯ નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન પાટણ સ્થિત હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ખાતે યોજાનાર છે,

જેમાં રાધિકા કોલેજનું પ્રતિનિધિત્વ કરશે. વિદ્યાર્થિનીની આ અનેરી સિદ્ધિ બદલ ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. જી.વી. વેલિયત, ટ્રસ્ટીઓ તથા સમગ્ર કોલેજ પરિવારે તેમને અભિનંદન પાઠવ્યા હતા અને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

## જવાબદાર નાગરિક બનવું તે ખરો રાષ્ટ્રપ્રેમ છે: સુરતમાં થર્સ-ડે થોટ કાર્યક્રમ યોજાયો

સુરત,તા.૧૬



સુરતમાં શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા ગુરૂવારે ૧૩૨મો થર્સ-ડે થોટ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કાનજીભાઈ આર. ભાલાળાએ જણાવ્યું હતું કે, સારા નાગરિક રાષ્ટ્રની મૂડી છે. પરંતુ સારા નાગરિક બનતા પહેલા સારા માણસ બનવું પડે. અને સારા માણસ બનવા માટે સમજણ અને સારા વિચારોની જરૂર પડે છે. તેથી શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત તરફથી દર ગુરૂવારે વિચારોનું વાવેતર કરવામાં આવે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જવાબદાર નાગરિક બનવુ તે ખરો રાષ્ટ્રપ્રેમ છે. વધુમાં નવા વર્ષની શુભેચ્છા અને સંકલ્પ આપતા જણાવ્યું હતું કે, દરરોજ સવારે ઉઠી મનમાં પાંચ વિચાર કરવાના છે. (૧) હું ખુશ છું, (૨)હું તંદુરસ્ત છું, (૩)હું સમૃદ્ધ છું, (૪) પરિવાર-મિત્રો સારા છે, (૫) ઉપરોક્ત ચાર સુખ માટે ઈચ્છા પ્રત્યેય કૃતજ્ઞતા ભાવ પ્રગટ કરું છું. ભારતભરમાં જરૂરીયાતમંદ બાળકો માટે શિક્ષણની સુવિધાઓ ઊભી કરવા ભગીરથ પ્રયાસ કરી રહેલા કેશુભાઈ ગોટી મુખ્ય વક્તા તરીકે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. પોતાની સંપત્તિનો સુદ્રઢ રાષ્ટ્ર નિર્માણ માટે ઉપયોગ કરનાર કેશુભાઈ ગોટીએ જણાવ્યું હતું કે, દેશને સશકત રાષ્ટ્ર ૧૪૦ કરોડ નાગરિકો જ બનાવી શકે છે. પરંતુ વર્ણવ્યવસ્થા તેનો પડકાર છે. દેશમાંથી વર્ણવ્યવસ્થા દુર થશે, ત્યારે જ સુદ્રઢ રાષ્ટ્રનું નિર્માણ થશે. નાત-જાતના ભેદભાવ તથા સંપ્રદાયના વાડા રાષ્ટ્રની એકતા અને પ્રગતિની તાકાતને રોકે છે. કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વોએ નાગરિક તરીકે પ્રતિજ્ઞાપત્રનું વાંચન કરી જાગૃત નાગરિક બનવા સંકલ્પ લીધો હતો. સુરત-કામરેજ રોડ જમનાબા વિદ્યાર્થી ભવનમાં ૫૦૦ બેઠકનું કેશુભાઈ પટેલ ઓડીટોરીયમ તૈયાર થયું છે. પૂર્વ મુખ્યમંત્રી સ્વ. કેશુભાઈ પટેલ ઓડીટોરીયમ ખાતે તેમના પુત્ર ભરતભાઈ પટેલની ઉપસ્થિતીમાં પ્રથમવાર વિચારોનું વાવેતર કાર્યક્રમ યોજાયો ત્યારે સમાજે કેશુભાઈ માટે કૃતજ્ઞતા ભાવ પ્રગટ કર્યો હતો. ઓડીટોરીયમ તૈયાર કરવામાં સહયોગી દાતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાત સરકારના મંત્રીમંડળના વિસ્તરણને લઈ કોંગ્રેસે ઉઠાવ્યા સવાલો

અમદાવાદ,તા.૧૬

ગુજરાત સરકારના મંત્રીમંડળના વિસ્તરણની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. નવા મંત્રીઓની શપથવિધિ માટેની તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે. આ બધાની વચ્ચે કોંગ્રેસે ગુજરાત સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. અમિત ચાવડાએ મંત્રીમંડળના વિસ્તરણ અંગે આકરી પ્રતિક્રિયા આપી છે. ગુજરાત સરકારના મંત્રીમંડળના વિસ્તરણના પગલે કોંગ્રેસે તીખી પ્રતિક્રિયા આપી છે અને અનેક સવાલો ઉઠાવ્યા છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ આ વિસ્તરણને લઈને સવાલો ઉઠાવ્યા છે. તેમણે ખાસ કરીને મંત્રીમંડળમાંથી પડતા મુકાયેલા મંત્રીઓ અંગે પ્રશ્નો કર્યા છે. અમિત ચાવડાએ સરકાર પાસે સ્પષ્ટતા માગતા કહ્યું કે, જેમનો મંત્રીમંડળમાં ફરી સમાવેશ ન કરાયો તેનું ચોક્કસ કારણ સરકાર જણાવે. અગાઉના મંત્રીઓના રાજીનામા કેમ લેવાયા તેનું પણ સરકાર કારણ આપે. ચાવડાએ બચુ ખાબડ જેવા મંત્રીના ભ્રષ્ટાચારનાં દાખલા લોકો સામે હોવાનો પણ ઉલ્લેખ કર્યો હતો. કોંગ્રેસે આ વિસ્તરણને લઈને સરકારની નીતિ અને પડતા મુકાયેલા મંત્રીઓના પરફોર્મન્સ પર સવાલો ઉઠાવી, સરકાર પર પ્રહાર કર્યા છે. ગુજરાતના રાજકારણને લઈ સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નિવાસસ્થાને મળેલી મહત્વની બેઠક પૂર્ણ થઈ છે. મુખ્યમંત્રી સાથે તમામ મંત્રીઓની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મુખ્યમંત્રી સિવાય તમામ મંત્રીઓના રાજીનામા લેવાયા છે.

## ઉના-ગીરગઢડાના બેડીયા ગામે સિંહ શિકારની શોધમાં રસ્તા પર બેસી રહ્યો

ઉના,તા.૧૬



ઉના-ગીરગઢડા પંથક હવે સિંહોની અવરજવર માટે સામાન્ય બની ગયો છે. ત્યારે સોમવારે રાત્રિના સમયે ગીરગઢડા નજીકના બેડીયા ગામે એક સિંહે શિકારની શોધમાં આવીને માત્ર લટાર જ નહીં, પરંતુ રોડ પર કલાકો સુધી આસન જમાવ્યું હતું, જેના કારણે સમગ્ર વિસ્તાર તેની ડણકથી ગુંજી ઊઠ્યો હતો. રાત્રિના સમયે રસ્તા પર બેઠેલા સિંહની ડણક સાંભળીને આસપાસના રાહદારીઓએ પોતાના વાહનો થંભાવી દીધા હતા.

---

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૨૫૬/૨૦૨૫

અરજદાર : શ્રી ખસિયા મુકેશભાઈ જીવાભાઈ
સરનામુ : મું.રોહિસા, તા.જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - રોહીસા
મું.રોહીસા તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના રોહીસા** ગામના **શ્રી ખસિયા મુકેશભાઈ જીવાભાઈ** એ તેમના **ભાઈ નામે શ્રી રમેશભાઈ જીવાભાઈ ખસિયા નું મરણ** તા.૧૪/૦૧/૨૦૧૧ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.એન.ખટાણા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૬ માહે. સપ્ટેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૨૬/૦૯/૨૦૨૫**
(કોર્ટનો સિક્કો)
**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૨૮૦/૨૦૨૫

અરજદાર : શ્રી બાબુભાઈ દદુભાઈ વાવડીયા
સરનામુ : મું.કાગવદર, તા.જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - કાગવદર
મું.કાગવદર તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના કાગવદર** ગામના **શ્રી બાબુભાઈ દદુભાઈ વાવડીયા** એ તેમના **પુત્રી નામે શ્રી કુંજલબેન બાબુભાઈ વાવડીયા નો જન્મ** તા.૧૯/૦૫/૨૦૦૭ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.એન.ખટાણા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૬ માહે. સપ્ટેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૨૬/૦૯/૨૦૨૫**
(કોર્ટનો સિક્કો)
**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૨૮૫/૨૦૨૫

અરજદાર : શ્રી અરજણભાઈ રામાભાઈ દાફડા
સરનામુ : મું.ડોળીનો પટ, વડનગર વિસ્તાર રાજુલા તા.રાજેલા જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - નાગેશ્રી
મું.નાગેશ્રી તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **રાજુલા તાલુકાના રાજુલા** ગામના **શ્રી અરજણભાઈ રામાભાઈ દાફડા** એ તેમના **(૧) પિતા નામે શ્રી રામાભાઈ માધાભાઈ દાફડા નું મરણ** તા.૦૫/૦૩/૧૯૮૯ **(૨) માતા નામે શ્રી રાજીબેન રામાભાઈ દાફડા નું મરણ** તા.૦૧/૦૬/૧૯૯૪ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી બી.એલ.મહિડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૬ માહે. ઓકટાબર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૧૬/૧૦/૨૦૨૫**
(કોર્ટનો સિક્કો)
**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૨૭૧/૨૦૨૫

અરજદાર : શ્રી મકવાણા લક્ષ્મીબેન બોઘાભાઈ
સરનામુ : મું.અંજાર, તા.ઉના જી.ગીરસોમનાથ

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - બલાણા
મું.બલાણા તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરસોનાથ જિલ્લાના **ઉના તાલુકાના અંજાર** ગામના **શ્રી મકવાણા લક્ષ્મીબેન બોઘાભાઈ** એ તેમના **પુત્ર નામે શ્રી દિનેશકુમાર બોઘાભાઈ મકવાણા નો જન્મ** તા.૨૬/૦૮/૨૦૦૪ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.એન.ખટાણા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૬ માહે. સપ્ટેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૨૬/૦૯/૨૦૨૫**
(કોર્ટનો સિક્કો)
**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૨૭૨/૨૦૨૫

અરજદાર : શ્રી બવાડીયા નંદુબેન નરેન્દ્રભાઈ
સરનામુ : મું.જરગલી, તા.ગરગઢડા જી.ગીરસોમનાથ
હાલ રહે.ડી-૨૦૧,સંકલ્પ ગ્રેસ એપાર્ટમેન્ટ, ઓફ.એસ.જી.રોડ,
બી/એચ રાજપત ક્લબ, બોડકદેવ, અમદાવાદ

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - ખાલસા કંથારીયા
મું.ખાલસા કંથારીયા તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરસોનાથ જિલ્લાના **ગીરગઢડા તાલુકાના જરગલી** ગામના **શ્રી બવાડીયા નંદુબેન નરેન્દ્રભાઈ** એ તેમના **પુત્ર નામે શ્રી પ્રવિણભાઈ નરેન્દ્રભાઈ બવાડીયા નો જન્મ** તા.૦૧/૦૧/૧૯૭૮ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.એન.ખટાણા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૬ માહે. સપ્ટેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૨૬/૦૯/૨૦૨૫**
(કોર્ટનો સિક્કો)
**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૨૭૦/૨૦૨૫

અરજદાર : શ્રી ગોવિંદભાઈ અરજણભાઈ વાઘેલા
સરનામુ : મું.વઢેરા, તા.જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - વઢેરા
મું.વઢેરા તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના વઢેરા** ગામના **શ્રી ગોવિંદભાઈ અરજણભાઈ વાઘેલા** એ તેમના **પુત્રી નામે શ્રી હંસાબેન ગોવિંદભાઈ વાઘેલા નો જન્મ** તા.૧૦/૦૪/૨૦૦૦ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.એન.ખટાણા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૬ માહે. સપ્ટેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૨૬/૦૯/૨૦૨૫**
(કોર્ટનો સિક્કો)
**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૨૩૩/૨૦૨૫

અરજદાર : શ્રી ભીલ લક્ષ્મણભાઈ નારણભાઈ
સરનામુ : મું.ભાંકોદર, તા.જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - ભાંકોદર
મું.ભાંકોદર તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ભાંકોદર** ગામના **શ્રી ભીલ લક્ષ્મણભાઈ નારણભાઈ** એ તેમના **બહેન નામે શ્રી દેવુબેન નારણભાઈ ભીલ નો જન્મ** તા.૦૧/૦૧/૧૯૭૪ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એન.વી.બારૈયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.


આજ તારીખ ૨૦ માહે. ઓગષ્ટ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૨૦/૦૮/૨૦૨૫**
(કોર્ટનો સિક્કો)
**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

# ભારત બીજી વખત કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરશે : ગુજરાતમાં યોજાશે

નવીદિલ્હી,તા.૧૬

ભારતીય રમતગમત ચાહકો માટે સારા સમાચાર છે. ભારતને ૨૦30 કોમનવેલ્થ ગેમ્સનો પુરસ્કાર આપવામાં આવ્યો છે. ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે નાતાલના દિવસે આ મહત્વપૂર્ણ જાહેરાત કરી. એસ. જયશંકરે તેને ભારત માટે ગર્વની ક્ષણ ગણાવી. ભારત બીજી વખત કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરશે. ભારતે અગાઉ ૨૦૧૦ માં



કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કર્યું હતું, જ્યારે આ ગેમ્સ દિલ્હીમાં યોજાઈ હતી. એસ. જયશંકરે તેમની પોસ્ટમાં લખ્યું હતું કે, "ભારત અમદાવાદમાં કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરશે, જે ભારત અને ગુજરાત માટે ગર્વની ક્ષણ છે. આ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિશ્વ કક્ષાના માળખાગત વિકાસ અને રમતગમત પ્રતિભાને પ્રોત્સાહન આપવાના વિઝનનો પુરાવો છે. કોમનવેલ્થ ગેમ્સનું આયોજન ભારતને તેના ઓલિમ્પિક હોસ્ટિંગ લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં નોંધપાત્ર રીતે મદદ કરશે. ભારતનું આગામી મુખ્ય લક્ષ્ય પ્રથમ વખત ઓલિમ્પિક ગેમ્સનું આયોજન કરવાનું છે." ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ અમદાવાદને કોમનવેલ્થ ગેમ્સનો ખિતાબ મળવા પર ખુશી વ્યક્ત કરી હતી.

# અરજદારો બિહાર ચૂંટણી પ્રક્રિયામાં ખલેલ પહોંચાડવા માંગે છે: ચૂંટણી પંચ

નવીદિલ્હી,તા.૧૬

બિહાર એસઆઈઆર મામલે સુપ્રીમ કોર્ટની સુનાવણી દરમિયાન, ચૂંટણી પંચે જણાવ્યું હતું કે અરજદારો ચૂંટણી પ્રક્રિયામાં ખલેલ પહોંચાડવા માંગે છે. ચૂંટણી પંચે જણાવ્યું હતું કે મતદારો બધું જ જાણે છે અને સંતુષ્ટ છે, પરંતુ એડીઆરને વિશ્લેષણ માટે તાત્કાલિક બધું જ જોઈએ છે. પંચે જણાવ્યું હતું કે એક પણ અપીલ મળી નથી. આ પ્રક્રિયાનો પહેલો તબક્કો ૧૭ ઓક્ટોબરે પૂર્ણ થશે અને બીજો તબક્કો ૨૦ ઓક્ટોબરે પૂર્ણ થશે. ત્યારબાદ આ યાદી વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે. ભૂષણે કહ્યું કે જેમના નામ દૂર કરવામાં આવ્યા છે તેમની યાદી પણ જાહેર કરવી જોઈએ. ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું, "અમને કોઈ શંકા નથી કે કમિશન તેની જવાબદારી નિભાવશે." ભૂષણે કહ્યું કે તે પ્રકાશિત થવું જોઈએ; અમે આ બાબતને બંધ કરી રહ્યા નથી. ભૂષણે કહ્યું કે ૬૫ લાખ લોકોને દૂર કર્યા પછી, તેમણે કેટલાક વધુ




લોકોને દૂર કર્યા છે, પરંતુ યાદી જાહેર કરવામાં આવી નથી. ન્યાયાધીશ કાંતે કહ્યું કે આ એક ચાલુ પ્રક્રિયા છે; યાદી હજુ સુધી અંતિમ સ્વરૂપ આપવામાં આવી નથી. ભૂષણે કહ્યું કે નિયમો મુજબ આ સંદર્ભમાં વાસ્તવિક સમયની પારદર્શિતા જરૂરી છે. કોઈ નવા નામોનો સમાવેશ કરવામાં આવ્યો નથી. ચૂંટણી પંચે કહ્યું કે મતદારો બધું જાણે છે. તેઓ ડેટા વિશ્લેષણની રાહ જોઈ શકે છે અને ભવિષ્યમાં ચૂંટણી પંચને માર્ગદર્શન આપી શકે છે. સુપ્રીમ કોર્ટે પોતાના આદેશમાં નોંધ્યું હતું કે ચૂંટણી પંચે જણાવ્યું હતું કે દાખલ કરેલા સોગંદનામામાં આ મુદ્દાને વ્યાપક રીતે સંબોધવામાં આવ્યો છે, પરંતુ તે અલગથી જવાબ આપશે.

# નક્સલી રૂપેશ તેના ૧ 30 સાથીઓ સાથે શરણાગતિ સ્વીકારે તેવી સંભાવના

રાયપુર,તા.૧૬

છત્તીસગઢમાં નક્સલવાદ હવે તેના અંતિમ તબક્કામાં છે, અથવા તેના અંતિમ શ્વાસ લઈ રહ્યો છે. સુરક્ષા દળો દ્વારા નક્સલી કાર્યવાહીને કારણે નક્સલીઓ ભયભીત અને ગભરાયેલા છે. તેઓ સતત શરણાગતિ સ્વીકારી રહ્યા છે. આ સંદર્ભમાં, બીજાપુરમાં દેશનું સૌથી મોટું માઓવાદી શરણાગતિ લઈ શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, નક્સલવાદી પ્રવક્તા અને ડીકેએસઝેડસી સભ્ય રૂપેશ ઉર્ફે સતીશ ઉર્ફે આસના, તેમના ૧30 સાથીઓ સાથે, બીજાપુરના જગદલપુર અથવા ભૈરમગઢ પહોંચી શકે છે અને બસ્તર ઈન્સ્પેક્ટર જનરલ સમક્ષ આત્મસમર્પણ કરી શકે છે. એવું માનવામાં આવે છે કે આ દેશનું સૌથી મોટું માઓવાદી શરણાગતિ હશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, મદ વિભાગના ૧30 થી વધુ નક્સલવાદીઓ શરણાગતિ સ્વીકારવા માટે જંગલ છોડી ગયા છે. શરણાગતિ સ્વીકારનારા નક્સલીઓમાં રૂપેશ સહિત અનેક નક્સલીઓ છે જેમની માથે લાખો રૂપિયાના ઈનામ છે.

# વિપક્ષો મતપત્રોના જુના યુગને પાછો લાવવા માંગે છે, જેથી ઈવીએમનો વિરોધ કરે છે : યોગી

પટણા,તા.૧૬

બિહાર વિધાનસભા ચૂંટણી પ્રચાર દરમિયાન, યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ વિરોધી પક્ષો પર "ઘૂસણખોરો" દ્વારા મતદાનમાં છેતરપિંડી કરવાનો આરોપ લગાવ્યો. તેમણે આરોપ લગાવ્યો કે રાષ્ટ્રીય જનતા દળ (રાજદ), કોંગ્રેસ અને તેમના સાથી પક્ષો મતદાન મથકો પર બુરખા પહેરતી મહિલાઓને ઓળખવા માટેના ચૂંટણી પંચના નિર્દેશોનો વિરોધ કરીને "વિકાસ વિરુદ્ધ બુરખા" ની નવી મજાક રમી રહ્યા છે. આ વિકાસ વિરુદ્ધ બુરખાની મજાક છે. પટણાની બહારના દાનાપુરમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી રામ કૃપાલ યાદવના સમર્થનમાં એક રેલીને સંબોધતા, આદિત્યનાથે કહ્યું, "શું નકલી મતદારોને મતદાન કરવાની મંજૂરી આપવી જોઈએ? કોંગ્રેસ અને રાજદ આ જ ઈચ્છે છે,



જેના કારણે તેઓ બુરખા પર આટલો બધો હોબાળો મચાવી રહ્યા છે. આ જ કારણ છે કે તેઓ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો (ઈવીએમ) નો પણ વિરોધ કરી રહ્યા છે, કારણ કે તેઓ મતપત્રોના જૂના યુગને પાછો લાવવા માંગે છે, જ્યાં તેમના સાથીઓ બૂથ લૂંટી શકે છે." ઉત્તર પ્રદેશ અને બિહાર વચ્ચેના સાંસ્કૃતિક સંબંધોનો ઉલ્લેખ કરતા, યોગી આદિત્યનાથે કહ્યું કે અયોધ્યામાં ભગવાન રામના ભવ્ય મંદિરના નિર્માણ પછી, સીતામઢીનું પણ નવીનીકરણ કરવામાં આવી રહ્યું છે અને બંને સ્થળો વચ્ચે વધુ સારી કનેક્ટિવિટી સ્થાપિત કરવા માટે કામ ચાલી રહ્યું છે.

# અસ્થિર ઉર્જા પરિદૃશ્યમાં ભારતીય ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવું અમારી સતત પ્રાથમિકતા : વિદેશ મંત્રાલય

નવીદિલ્હી,તા.૧૬

ભારતના વિદેશ મંત્રાલયે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના દાવાઓનો જવાબ આપ્યો કે ભારત ટૂંક સમયમાં રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરી શકે છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલ દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ભારત તેલ અને ગેસનો એક મહત્વપૂર્ણ આયાતકાર છે. અસ્થિર ઉર્જા પરિદૃશ્યમાં ભારતીય ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવું અમારી સતત પ્રાથમિકતા રહી છે. અમારી આયાત નીતિઓ આ ઉદ્દેશ્ય દ્વારા સંપૂર્ણપણે સંચાલિત છે. સ્થિર ઉર્જા ભાવ અને સુરક્ષિત પુરવઠો સુનિશ્ચિત કરવો એ અમારી ઉર્જા નીતિના બેવડા ધ્યેયો છે. આમાં અમારા ઉર્જા પુરવઠા આધારને વિસ્તૃત કરવાનો અને બજારની પરિસ્થિતિઓ અનુસાર તેને વૈવિધ્યીકરણ કરવાનો સમાવેશ થાય છે. વિદેશ મંત્રાલયના નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, "જ્યાં સુધી યુનાઈટેડ સ્ટેટ્સનો સંબંધ છે, અમે ઘણા વર્ષોથી અમારી ઉર્જા ખરીદીને વિસ્તૃત કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.

# રાજનાથસિંહની બ્રાઝિલના ઉપરાષ્ટ્રપતિ અને સંરક્ષણ મંત્રી સાથે મુલાકાત, સંરક્ષણ સહયોગના મુદ્દાઓ પર ચર્ચા

નવીદિલ્હી,તા.૧૬

ભારત અને બ્રાઝિલ વચ્ચે એર ડિફેન્સ મિસાઈલ સિસ્ટમ આકાશ અંગે ચર્ચા થઈ છે. આ પછી, એવી અટકળો ચાલી રહી છે કે બ્રાઝિલ આગામી દિવસોમાં ભારતીય એર ડિફેન્સ સિસ્ટમ ખરીદી શકે છે. ભારતીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે નવી દિલ્હીમાં બ્રાઝિલના ઉપરાષ્ટ્રપતિ ગેરાલ્ડો અલ્કમિન અને બ્રાઝિલના સંરક્ષણ મંત્રી




જોસ મુસિયો મોન્ટેરો ફિલ્હો સાથે મુલાકાત કરી હતી. તેમણે પોતે આ બેઠક વિશે માહિતી આપી હતી. ત્યારથી, એવી અટકળો ચાલી રહી છે કે બ્રાઝિલ આગામી દિવસોમાં ભારતીય હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ ખરીદી શકે છે. રાજનાથ સિંહે બેઠક પછી એક્સ-પોસ્ટમાં લખ્યું, "આજે નવી દિલ્હીમાં બ્રાઝિલના ઉપરાષ્ટ્રપતિ ગેરાલ્ડો અલ્કમિન અને બ્રાઝિલના સંરક્ષણ પ્રધાન જોસ મુસિયો મોન્ટેરો ફિલ્હોને મળીને મને આનંદ થયો. અમે સંરક્ષણ સહયોગ સંબંધિત મુદ્દાઓ પર એક સ્વપ્રદ્રષ્ટા ચર્ચા કરી, જેમાં લશ્કરી-થી-લશ્કરી સહયોગ અને સંરક્ષણ ઔદ્યોગિક સહયોગના વિસ્તરણ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું."

# આજનું સંયુક્ત રાષ્ટ્ર પણ ૧૯૪૫ના સમયને પ્રતિબિંબિત કરે છે : વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર

નવીદિલ્હી,તા.૧૬

ભારતીય વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે નવી દિલ્હીમાં આયોજિત યુનાઈટેડ નેશન્સ ટ્રૂપ કોન્ટ્રિબ્યુટીંગ કન્ટ્રીઝ કોન્ફરન્સમાં હાજરી આપી હતી. બેઠક દરમિયાન, વિદેશ મંત્રીએ ફરી એકવાર સંયુક્ત રાષ્ટ્રમાં સુધારાની હાકલ કરી. તેમણે કહ્યું કે આજનું સંયુક્ત રાષ્ટ્ર પણ ૧૯૪૫ના સમયને પ્રતિબિંબિત કરે છે. તેમણે કહ્યું કે સંયુક્ત રાષ્ટ્રએ વિકાસશીલ દેશોના અવાજોને મજબૂત બનાવવો જોઈએ, અને સંયુક્ત રાષ્ટ્રની વિશ્વસનીયતા આના પર નિર્ભર છે. પોતાના સંબોધનમાં, વિદેશ મંત્રીએ કહ્યું, "હું ૮૦મી સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ભાગ લીધા પછી હમણાં જ ન્યુ યોર્કથી પાછો ફર્યો છું. હું તે અનુભવના કેટલાક મહત્વપૂર્ણ મુદ્દાઓ તમારી સાથે શેર કરવા માંગુ છું. પ્રથમ,



સંયુક્ત રાષ્ટ્ર આજે ૨૦૨૫ નહીં, પણ ૧૯૪૫ની વાસ્તવિકતાઓને પ્રતિબિંબિત કરે છે. ૮૦ વર્ષ ઘણો લાંબો સમય છે, અને આ સમય દરમિયાન, સંયુક્ત રાષ્ટ્રના સભ્યોની સંખ્યા ખરેખર ચાર ગણી થઈ ગઈ છે. બીજું, જે સંસ્થાઓ બદલાવમાં નિષ્ફળ જાય છે તે અપ્રસ્તુત બનવાનું જોખમ લે છે. સંયુક્ત રાષ્ટ્રને અસરકારક બનાવવા માટે, તેમાં સુધારો કરવો જોઈએ, વધુ સમાવિષ્ટ, લોકશાહી, સહભાગી અને આજના વિશ્વનું પ્રતિનિધિત્વ કરવું જોઈએ.

# ઓડિશાના જયપુરમાં મંદિર પાસે ટ્રાન્સજેન્ડર પૂજારી અને કડિયાના મૃતદેહ લટકતા મળ્યા

જયપુર,તા.૧૬

ઓડિશાના જયપુરથી એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. ઓડિશાના જયપુરમાં એક મંદિર પાસે બુધવારે એક ટ્રાન્સજેન્ડર પૂજારી અને કડિયાના મૃતદેહ મળી આવ્યા હતા. પોલીસે આ માહિતી જાહેર કરી છે. તેની પત્નીની હત્યા કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો અને ઘરને અકસ્માત જેવું દેખાડવા માટે આગ લગાવી દેવામાં આવી.



કેસ કેવી રીતે ઉકેલાયો તે જાણો. એક IRB સૈનિકની ધરપકડ કરવામાં આવી. આ ઘટના જયપુર શહેર પોલીસ સ્ટેશનના ગોપબંધુ નગરમાં કનક દુર્ગા મંદિર પાસે બની હતી. પોલીસનું કહેવું છે કે જે બે લોકોના મૃતદેહ મળી આવ્યા છે તેઓ પ્રેમ સંબંધમાં હોઈ શકે છે. મૃતકોની પણ ઓળખ થઈ ગઈ છે. ટ્રાન્સજેન્ડર પુરુષની ઓળખ રાજુ મચ્છ તરીકે થઈ છે, જે મંદિરમાં પૂજારી હતો. મિસ્ત્રીની ઓળખ સમારા તરીકે થઈ છે. પોલીસનું કહેવું છે કે રાજુ અને સમારા છેલ્લા કેટલાક મહિનાઓથી કથિત રીતે સંબંધમાં હતા.

# પીએમ મોદી રાષ્ટ્રપતિ ટ્રમ્પથી ડરે છે તેથી જ ભારત રશિયન તેલ ખરીદશે નહી : રાહુલ

નવીદિલ્હી,તા.૧૬

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ફરી એકવાર પીએમ મોદી પર આકરા પ્રહારો કર્યા છે, અને તેમના પર અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પથી ડરવાનો આરોપ લગાવ્યો છે. સોશિયલ મીડિયા પર શેર કરેલી પોસ્ટમાં રાહુલ ગાંધીએ લખ્યું, "પીએમ મોદી ટ્રમ્પથી ડરે છે." તેમણે ટ્રમ્પને એવી જાહેરાત કરવાની મંજૂરી આપી કે ભારત હવે રશિયન તેલ ખરીદશે નહીં. વારંવાર અવગણના છતાં, અભિનંદન સંદેશાઓ મોકલવામાં આવે છે.' હકીકતમાં, તાજેતરમાં, જ્યારે યુએસ પ્રમુખ ટ્રમ્પે હમાસ અને ઈઝરાયલ વચ્ચે શાંતિ કરાર કર્યો, ત્યારે પીએમ મોદીએ રાષ્ટ્રપતિ ટ્રમ્પના નેતૃત્વની પ્રશંસા કરી અને તેમને અભિનંદન આપ્યા. રાહુલ ગાંધીએ એવો પણ દાવો કર્યો હતો કે નાણામંત્રીની યુએસ મુલાકાત રદ કરવામાં આવી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે પીએમ મોદી શર્મ અલ-શેખ ગયા ન હતા.

# પીએમ મોદી આ વખતે ગોવામાં નૌકાદળના કર્મચારીઓ સાથે દિવાળીની ઉજવણી કરશે

નવીદિલ્હી,તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગોવામાં નૌકાદળના કર્મચારીઓ સાથે દિવાળી ઉજવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ માહિતી બહાર આવી છે. છેલ્લા ૧૧ વર્ષથી, પીએમ મોદી કચ્છના રણ અને જેસલમેરથી લઈને સિયાચીન અને કારગિલ સુધીના લશ્કરી સ્થાપનોની મુલાકાત લઈને પ્રકાશના પર્વની ઉજવણી કરી રહ્યા



છે. ઓપરેશન સિંદૂર પછી, દરેકને આશ્ચર્ય થયું હતું કે આ વખતે વડાપ્રધાન ક્યાં જશે. ૨૦૧૪ માં વડાપ્રધાન બન્યા પછી, તેમણે સતત સૈનિકો વચ્ચે દિવાળી ઉજવી છે. પીએમ મોદીએ અત્યાર સુધી જમ્મુ અને કાશ્મીર, રાજસ્થાન, ગુજરાત, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં આર્મી અને એરફોર્સ સ્થાપનોની મુલાકાત લઈને આ તહેવાર ઉજવ્યો છે. દિવાળી ઉજવવા માટે તેઓ પહેલી વાર નૌકાદળના સ્થાપનોની મુલાકાત લેશે તેવી શક્યતા છે. આ વર્ષે, દિવાળી ૨૦ ઓક્ટોબરે આવે છે.

# બ્રિટને રશિયન તેલ કંપનીઓ સામે કાર્યવાહી કરી, ભારતીય કંપની નાયરા પર પણ પ્રતિબંધો લાદ્યા

લંડન,તા.૧૬

બ્રિટિશ સરકારે એક મોટું પગલું ભર્યું છે. બ્રિટને રશિયન તેલ કંપનીઓ અને ભારતીય પેટ્રોલિયમ કંપની નાયરા એનર્જી લિમિટેડ પર ૯૦ નવા પ્રતિબંધોની જાહેરાત કરી છે. યુકે સરકારે જણાવ્યું હતું કે નયારા એનર્જી લિમિટેડે ૨૦૨૪ માં અબજો ડોલરનું રશિયન ક્રૂડ ઓઈલ આયાત કર્યું હતું. ફોરેન, કોમનવેલ્થ અને ડેવલપમેન્ટ ઓફિસે જણાવ્યું હતું કે યુકે ટ્રેઝરી સાથે સંકલનમાં લેવાયેલો આ નિર્ણય રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના યુદ્ધ પ્રયાસો માટે ભંડોળના સ્રોતો પર હુમલો કરશે. તેનો હેતુ તેલની આવકને રશિયા સુધી પહોંચતા અટકાવવાનો છે.




વિભાગે દાવો કર્યો હતો કે આ પગલું "બજારમાંથી રશિયન તેલ દૂર કરવામાં" મદદ કરશે અને યુક્રેન સાથેના સંઘર્ષ માટે પુતિનના "યુદ્ધ છાતી" માં ઊર્જા આવક વહેતી અટકાવશે. ફોરેન, કોમનવેલ્થ અને ડેવલપમેન્ટ ઓફિસે કહ્યું, "રશિયન કંપનીઓ અને તેમના વૈશ્વિક સમર્થકોને લક્ષ્ય બનાવતી કાર્યવાહી પુતિનની સરકારના તેમના આવક સ્રોતોને દબાવવાના દૃઢ નિશ્ચયને દર્શાવે છે." FCDO એ કહ્યું, "ચીનમાં ચાર તેલ ટર્મિનલ, અલગ નામ હેઠળ રશિયન તેલનું પરિવહન કરતા શેડો ફ્લીટના ૪૪ ટેન્કર અને નાયરા એનર્જી લિમિટેડ આ નવીનતમ પ્રતિબંધોના પગલાંથી પ્રભાવિત છે." નાયરા એનર્જીએ ૨૦૨૪ માં જ $૫ બિલિયનથી વધુ મૂલ્યના ૧૦૦ મિલિયન બેરલ રશિયન ક્રૂડ ઓઈલની આયાત કરી હતી.

# ભારત હવે રશિયા પાસેથી તેલ ખરીદશે નહીં, મોદીએ આ વાતની ખાતરી આપી છે : ટ્રમ્પ

વોશિંગ્ટન,તા.૧૬

યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત વિશે મોટો દાવો કર્યો. ટ્રમ્પે કહ્યું કે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને ખાતરી આપી છે કે ભારત હવે રશિયા પાસેથી તેલ ખરીદશે નહીં. તેમણે આને મોસ્કો પર દબાણ વધારવાના તેમના પ્રયાસોમાં એક મોટું પગલું ગણાવ્યું. ટ્રમ્પે કહ્યું કે આ યુક્રેન યુદ્ધને કારણે રશિયાને અલગ પાડવાના તેમના પ્રયાસોનો એક ભાગ છે. વ્હાઈટ હાઉસ ખાતે પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું, "હું ખુશ નહોતો કે ભારત રશિયા પાસેથી તેલ ખરીદી રહ્યું છે, પરંતુ વડાપ્રધાન મોદીએ મને ખાતરી આપી છે કે ભારત ફરીથી આવું નહીં કરે." તેને એક મોટું પગલું ગણાવતા ટ્રમ્પે કહ્યું, "હવે અમે ચીન પાસેથી પણ આવી જ અપેક્ષા રાખીએ છીએ." ભારતને વિશ્વસનીય ભાગીદાર ગણાવતા ટ્રમ્પે કહ્યું, "તેઓ (વડાપ્રધાન



નરેન્દ્ર મોદી) મારા મિત્ર છે. અમારા સંબંધો ખૂબ સારા છે." તેમણે ઉમેર્યું, "અમે રશિયા પાસેથી તેલ ખરીદવાથી ખુશ નહોતા કારણ કે તે રશિયાને આ અર્થહીન યુદ્ધ ચાલુ રાખવા દે છે જેમાં તેણે ૧૫૦,૦૦૦ લોકો ગુમાવ્યા છે, જેમાં મોટાભાગના સૈનિકો છે." રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ અંગે ટ્રમ્પે કહ્યું, "આ એક એવું યુદ્ધ છે જે ક્યારેય શરૂ થવું જોઈતું નહોતું, પરંતુ તે એક એવું યુદ્ધ છે જે રશિયાએ પહેલા અઠવાડિયામાં જ જીતવું જોઈતું હતું, અને તેઓ તેના ચોથા વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે.

# અમદાવાદમાં આપના આગેવાનો ઉપવાસ પર બેસે તે પહેલા અટકાયત

**પોલીસે આગેવાનોને ટીંગાટોળી કરી ગાડીમાં બેસાડ્યા**

અમદાવાદ, તા.૧૬

બોટાદના હડદડમાં ઘર્ષણ સમયે પથ્થરમારો થયો અને પોલીસ ગાડીઓને પણ નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. એ બાદ પોલીસે ગામમાં ખેડૂતોનાં ઘરમાં ઘૂસીને તોડફોડ કરી ખોટી રીતે અટકાયત કરી હોવાનો



આમ આદમી પાર્ટીએ આક્ષેપ લગાવ્યો છે, જેથી ખેડૂતોને ન્યાય અપાવવાની માગ સાથે અને કડદાપ્રથા બંધ કરવાની માગ સાથે આમ આદમી પાર્ટીના નેતાઓ ગુરૂવારે અમદાવાદમાં આમરણ ઉપવાસ પર બેસવાના હતા. અમદાવાદના કાર્યાલય પર કરપડા, પ્રવીણ રામ સહિતના નેતાઓ ઉપવાસ પર બેસવા પહોંચે એ પહેલાં વહેલી સવારથી જ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. એ બાદ જેવા આમ આદમી પાર્ટીના નેતા રાજુ કરપડા, પ્રવીણ રામ પહોંચ્યા ત્યાં જ બંને નેતાની ધરપકડ કરવામાં આવી હતી.

# રાજુલામાં થયેલી મારામારીમાં યુવકનું સારવાર દરમિયાન મોત

ભાવનગર,તા.૧૬

રાજુલા શહેરના બીડી કામદાર વિસ્તારમાં રહેતા અને ખેતી ધરાવતા મહેબૂબ હકીમભાઈ જોખીયા ઉં.વ.૪૪ એ તેના કૌટુંબિક કાકાના દીકરા રૈયાઝ રસુલ જોખિયા, જાફર ઉંમર જોખિયા, યુસુફ નાથા જોખિયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, કાકા દાદાના ભાઈઓ વચ્ચે છેલ્લા ઘણા સમયથી ખેતીની જમીન મુદ્દે ડખો ચાલતો હોય આ



બાબતને લઈને રાજુલા કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. તાજેતરમાં ગત તા.૧-૧૦-૨૦૨૫ ના રોજ ફરિયાદી મહેબૂબ તથા તેનો ભાઈ ફિરોજ કોર્ટની મુદતે ગયા હતા અને ત્યાંથી મુદત પતાવી બાઈક લઈને પરત પોતાના ઘર તરફ આવી રહ્યા હતા ત્યારે રાજુલા એસડીએમ કચેરી સામે પાછળથી કારમાં આવેલ ત્રણેય આરોપીઓએ કાર ફરિયાદીના બાઈક પર ચડાવી દઈ ફરિયાદી યુવાન તથા તેના ભાઈ પર પાઈપ વડે હુમલો કર્યો હતો અને આ મારામારીમાં મહેબૂબ તથા તેના ભાઈ ફિરોજને ગંભીર ઈજા પહોંચી હતી. બંને ઈજાગ્રસ્ત ભાઈઓને પ્રથમ સારવાર

**ગત તા.૧ના રોજ ફરિયાદી કોર્ટની મુદત પતાવી ઘરે પરત ફરતા હતા ત્યારે બન્યો બનાવ**

અર્થે રાજુલા ત્યારબાદ વધુ સારવાર અર્થે ભાવનગર સર.ટી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા, જ્યાં ગુરૂવારના રોજ ફરિયાદી મહેબૂબ હકીમ જોખિયા ઉં.વ.૪૪ નું સારવાર દરમિયાન મોત થયું હતું.

# હાલોલમાં મોટર સ્ક્રેપ વેન્ડરના ગોડાઉનમાં ભીષણ આગ લાગી

હાલોલ,તા.૧૬

પંચમહાલના હાલોલમાં મોટરના સ્ક્રેપ વેન્ડરના ગોડાઉનમાં આગ લાગી હોવાની ઘટના સામે આવી છે. ભીષણ આગના બનાવને લઈને ત્રણ ફાયર વિભાગની ટીમે ઘટનાસ્થળે દોડી આવીને આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ હાથ ધર્યો હતો. મળતી માહિતી મુજબ, હાલોલના ચંદ્રપુરા વિસ્તારમાં આવેલા એમ.જી. મોટર્સના સ્ક્રેપ વેન્ડરના ગોડાઉનમાં ભીષણ આગ લાગવાની ઘટના બની હતી. જેમાં કંપનીનું ગોડાઉન બંધ હોવાથી જેસીબીથી દીવાલ તોડીને ફાયરની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. જાણવા મળ્યું હતું કે, ગોડાઉનમાં પ્લાસ્ટિક, લેધર અને લાકડાંનો જથ્થો હોવાથી આગ વધુ વિકરાળ બની હતી, ભીષણ આગની ઘટનામાં ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. બનાવને લઈને પોલીસ અને ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે આવી પહોંચી હતી.

**પાંચ કિ.મી. દૂર આવેલી વાડીએથી સિંહણના મૃતદેહને લાવી ફેંકી દીધો**

# લીલીયાના કણકોટ ગામે સિંહણનું મોત નિપજાવનાર બે આરોપીઓ ઝડપાયા

**આરોપીએ પોતાના ખેતરમાં વીજશોક મુકતા વીજ કરંટથી સિંહણનું મોત થયુ હતું**

અમરેલી,તા.૧૬

લીલીયા તાલુકાના કણકોટ ગામે રેવન્યુ વિસ્તારમાં થોડા દિવસો પહેલા સિંહણનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. જેથી સિંહણનું મોત વીજશોકથી થયુ હોવાના પ્રાથમિક તારણ સાથે વનવિભાગની ટીમ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. જેમાં તપાસના અંતે સિંહણનું મોત નિપજાવનાર બે શખ્સોને વનવિભાગે ઝડપી પાડ્યા હતા.

કણકોટના રેવન્યુ વિસ્તારમાં થોડા દિવસો પહેલા શંકાસ્પદ હાલતમાં સિંહણનો મૃતદેહ મળી આવ્યો હતો. જેમાં સિંહણનું મોત વીજ કરંટ લાગવાથી થયું હોવાની પ્રાથમિક માહિતી મળી હતી જેથી વનવિભાગે ૮ જેટલી ટીમ બનાવી સિંહણનું મોત નિપજાવનારની



તપાસ શરૂ કરી હતી. ટીમ દ્વારા પાંચ દિવસની શોધખોળના અંતે કંઈ હાથ ન લાગતા આ વિસ્તારમાં મોબાઈલ નેટવર્કના આધારે તપાસ શરૂ કરી હતી જેમાં એક નંબર શંકાસ્પદ લાગતા પોલીસે શંકાના આધારે જયરાજ રામકુભાઈ બોરીચા રહે. આંબાની પુછપરછ કરી હતી જેમાં જયરાજે સિંહણનું મોત તેની વાડીમાં ગોઠવેલા વીજકરંટને અડવાથી થયુ હોવાની કબુલાત આપી હતી. જેથી વનઅધિકારીઓને આ ઘટનામાં સામેલ જયરાજ અને તેનું ભાગીયુ રાખતા સરદાર કલયા બઘેલ નામના ઈસમની ધરપકડ કરી હતી. આરોપીઓની પુછપરછમાં જાણવા મળ્યુ હતું કે સલડી અને આંબા ગામ વચ્ચે આવેલી વાડીમાં વીજકરંટને અડવાથી સિંહણનું મોત થયુ હતું જેથી સિંહણના મૃતદેહને સનેડામાં લઈ પાંચ કિ.મી. દુર કણકોટ ગામે ફેંકી દેવામાં આવ્યો હતો અને આરોપીઓએ પહેરેલ કપડા પણ સળગાવી દીધા હતા અને ખેતરમાં ગોઠવેલ વીજકરંટને દૂર કરી લાકડાને સળગાવી દીધા હતા અને સનેડાને ધોઈ નાખ્યો હોવાની કબુલાત આપી હતી. જેથી વનવિભાગ દ્વારા બંને આરોપીઓને લીલીયા કોર્ટમાં રજૂ કરવામાં આવતા કોર્ટે જિલ્લા જેલમાં મોકલી આપવાનો હુકમ કર્યો હતો.

# અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે પર એક કરોડથી વધુ કિંમતનો વિદેશી દારૂ ઝડપાયો

ભરૂચ,તા.૧૬

અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે નંબર ૪૮ પરથી દિવાળીના તહેવારો પૂર્વે વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપાયો છે. બી ડિવિઝન પોલીસે રૂપિયા એક કરોડથી વધુ કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી બે આરોપીઓની ધરપકડ કરી હતી.

અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસના સૂત્રોને બાતમી મળી હતી કે, નેશનલ હાઈવે નંબર ૪૮ પર ટ્રકમાં વિદેશી દારૂની મોટાપાયે હેરાફેરી થવાની છે, જેના આધારે




પોલીસકર્મીઓએ માંડવા ટોલ પ્લાઝા નજીક વોચ ગોઠવી હતી. આ દરમિયાન બાતમીવાળી ટ્રક નંબર એનએલ-૦૧-એલ-૭૮૨૮ આવતા તેને અટકાવી તપાસ કરતા અંદરથી પ્રથમ તો પ્લાસ્ટિકની બેગ મળી આવી હતી, જોકે વધુ સઘન તપાસ કરતા પોલીસકર્મીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. પ્લાસ્ટિકની બેગની આડમાં ચોરખાનું બનાવીને લઈ જવાતો વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપાયો હતો.

# સુરતના કાપોદ્રા વિસ્તારમાં બાઈક ઓવરટેક કરવાના મુદ્દે રત્નકલાકારની હત્યા

સુરત,તા.૧૬

સુરતમાં ૩ દિવસ પહેલાં માત્ર ૫ કલાકમાં જ બે હત્યાના બનાવ સામે આવ્યા હતા. ગત મોડી રાત્રે કાપોદ્રા વિસ્તારમાં આવેલા હિંમતનગરમાં ઘાતકી હત્યાનો બનાવ બન્યો છે. હીરાના કારખાના પરથી પરત ઘરે જઈ રહેલા ૪૦ વર્ષીય સુરેશ ચિત્રોડા નામના રત્નકલાકારને બાઈક પર આવેલા બે શખ્સ ચપ્પુના ઘા મારી ફરાર થઈ ગયા હતા. આ ઘટનામાં




સુરેશને ગંભીર ઈજા પહોંચતાં ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. હત્યાને પગલે પોલીસના ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને લાશને પીએમ અર્થે હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. જોકે, સુરત ક્રાઈમ બ્રાન્ચે હત્યાના માત્ર ગણતરીના કલાકોમાં જ મુખ્ય આરોપી,૧૯ વર્ષીય જયેશ પાટીલની ધરપકડ કરી લીધી છે. આ હત્યાનું કારણ જાણી પોલીસ પણ ચોંકી ઊઠી હતી. આ હત્યા પાછળનું કારણ કોઈ જૂની અદાવત નહી પણ બાઈક ઓવરટેક હતું. બાઈક ઓવરટેક બાબતે સામાન્ય ગાળાગાળી થતા રત્નકલાકારે પોતાનો જીવ ગુમાવવો પડ્યો હતો.




# સૌરાષ્ટ્ર-કચ્છની વાઈબ્રન્ટ સમિટ રાજકોટમાં યોજાશે

રાજકોટ,તા.૧૬

સૌરાષ્ટ્ર-કચ્છ રિજિયનની વાઈબ્રન્ટ સમિટ ૮ અને ૯ જાન્યુઆરીએ રાજકોટમાં યોજવાનો નિર્ણય કરાયો છે. સમિટના સ્થળની પસંદગી હવે કરાશે. સૌરાષ્ટ્ર ઝોનની વાઈબ્રન્ટ સમિટ રાજકોટમાં યોજાતા આ વિસ્તારના ઉદ્યોગોને ફાયદો થવાની શક્યતાઓ જોવાઈ રહી છે. જાન્યુઆરીમાં યોજાનારી આ સમિટને લઈ સ્થળની પસંદગી પણ શરૂ કરી દેવામાં આવી હોવાનું



જાણવા મળ્યું છે. ઉદ્યોગકારે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા જાપાન, કેનેડા અને યુરોપિયન દેશોને પાર્ટનર કન્ટ્રી બનાવવામાં આવ્યા છે. જેથી સૌરાષ્ટ્ર અને કચ્છના ઉદ્યોગકારોને મોટા પ્રમાણમાં એક્સપોર્ટની તક મળશે.

# જૂનાગઢ ખાતે ગિરનારની લીલી પરિક્રમાની તૈયારીઓ અંગે તંત્ર-સાધુ-સંતોની બેઠક યોજાઈ

જુનાગઢ,તા.૧૬

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગિરનારની લીલી પરિક્રમાની તૈયારીઓ અંગે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં સાધુ-સંતો, ઉતારા મંડળ અને સામાજિક સંસ્થાના અગ્રણીઓ હાજર રહ્યા હતા. પરિક્રમાના આયોજનને લઈને સાધુ-સંતો તથા અગ્રણીઓએ વિવિધ સૂચનો આપ્યા છે. કારતક



સુદ અગિયારસથી શરૂ થનાર ગિરનારની પરિક્રમાને લઈને વહીવટી તંત્રની બેઠક યોજાઈ હતી. જેમાં વિવિધ સૂચનો અંગે ચર્ચા કરવામાં આવી હતી. તંત્ર દ્વારા જે વ્યવસ્થા કરવામાં આવી છે તેની માહિતી આપવામાં આવી હતી.







